



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 266 | AD - 2026, Jeth Vad -03 | Thursday, Dt. 02-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ખાનગી સ્લીપર બસ આગળ જઈ રહેલા ટ્રક સાથે જોરદાર રીતે અથડાતા

# રાજસ્થાનમાં દિલ્હી-મુંબઈ હાઈવે પર બસ અગનગોળો બની: ૮ ભડથું

દૌસા,તા.૦૧

રાજસ્થાનના દૌસા જિલ્લામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર મંગળવારે મોડી રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. કોલવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાત્રે અંદાજે ૨.૩૦ વાગ્યે ઋષિકેશથી ઈન્દોર જઈ રહેલી ખાનગી સ્લીપર બસ આગળ જઈ રહેલા ટ્રક સાથે જોરદાર રીતે અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે અથડામણ બાદ બસ અને ટ્રક બંનેમાં ભીષણ આગ લાગી ગઈ હતી. આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતા બસમાં બેઠેલા મુસાફરોમાં ચીસો અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.દૌસા એસપી પીયૂષ દીક્ષિતના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં કુલ ૮ લોકોના મોત થયા છે. જેમાં ૬ લોકો આગમાં દાઝી જવાથી મૃત્યુ પામ્યા હતા જ્યારે અન્ય ૨ લોકોના માથામાં ગંભીર ઈજા થવાને કારણે જીવ ગુમાવ્યો હતો. અકસ્માતમાં ૨૧ લોકો ઘાયલ થયા છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક દૌસા જિલ્લા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. કેટલાકની હાલત ગંભીર હોવાનું પણ જાણવા મળ્યું છે.અકસ્માતમાંથી બચી ગયેલા મુસાફરોએ જણાવ્યું હતું કે બસ હંસ ટ્રાવેલ્સની સ્લીપર બસ હતી અને મંગળવારે સાંજે લગભગ ૫ વાગ્યે ઋષિકેશથી ઈન્દોર માટે રવાના થઈ હતી. અકસ્માત બાદ તરત જ બસમાં આગ લાગી હતી. મુસાફરોના




જણાવ્યા પ્રમાણે લગભગ એક કલાક સુધી કોઈ અસરકારક બચાવ કામગીરી પહોંચી નહોતી, જેના કારણે અનેક મુસાફરો બસમાં જ ફસાયેલા રહ્યા હતા. સ્થાનિક લોકોએ પણ બચાવ કામગીરીમાં થયેલા વિલંબ સામે નારાજગી વ્યક્ત કરી હતી.એક સ્થાનિક ગ્રામજનનો દાવો છે કે બસના સ્ટોરેજ બોક્સમાં સિગારેટના પેકેટ ભરેલા હોવાથી આગ ખૂબ ઝડપથી ફેલાઈ હતી. જોકે આ દાવાની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી અને સમગ્ર મામલે તપાસ ચાલી રહી છે.પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ બસના ડ્રાઈવરને ઝપકી આવી જવાના કારણે અકસ્માત થયો હોવાની શક્યતા છે. અકસ્માત સમયે બસની ગતિ પણ વધુ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. સમગ્ર ઘટનાની સચોટ માહિતી મેળવવા માટે એક્સપ્રેસવે પર લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ શરૂ કરવામાં આવી છે. મહવાના ધારાસભ્ય રાજેન્દ્ર મીણાએ દૌસા જિલ્લા હોસ્પિટલની મુલાકાત લઈ ઈજાગ્રસ્તોના ખબર-અંતર પૂછ્યા હતા અને અધિકારીઓને સારવારમાં કોઈ બેદરકારી ન રાખવા તેમજ તમામ દર્દીઓને શ્રેષ્ઠ તબીબી સુવિધા ઉપલબ્ધ કરાવવા સૂચના આપી હતી. દૌસાના ધારાસભ્ય દીનદયાળ બૈરવાએ ઘટનાને અત્યંત દુઃખદ ગણાવી હતી. તેમણે જણાવ્યું કે છેલ્લા સમયમાં બસોમાં આગ લાગવાની ઘટનાઓ વધી રહી છે. આવી દુર્ઘટનાઓ મોટાભાગે રાત્રે મુસાફરો ઊંઘમાં હોય ત્યારે બનતી હોવાથી લોકોને બહાર નીકળવાની તક મળતી નથી. તેમણે વધુમાં જણાવ્યું કે આગ લાગ્યા બાદ બસનો ઈમરજન્સી ગેટ પણ સમયસર ખુલ્યો નહોતો, જેના કારણે જાનહાનિ વધુ વધી હોવાનું માનવામાં આવી રહ્યું છે. પોલીસ અને વહીવટી તંત્ર સમગ્ર ઘટનાની તપાસ કરી રહ્યું છે.

# કાચા તેલના ભાવ ઘટતા નાયરા કંપનીએ પેટ્રોલમાં રૂ.૫, ડીઝલમાં રૂા.૩ ઘટાડ્યા

નવી દિલ્હી,તા.૦૧

આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં સતત ઘટાડો થતાં હવે તેનો સીધો લાભ દેશના ગ્રાહકોને મળવા લાગ્યો છે. ખાનગી ક્ષેત્રની અગ્રણી ઈંધણ કંપનીએ પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર ૫ રૂપિયા અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૩ રૂપિયાનો ઘટાડો જાહેર કર્યો છે. નવા ભાવ ૧ જુલાઈથી તાત્કાલિક અસરથી અમલમાં આવી ગયા છે. છેલ્લા બે વર્ષથી વધુ સમય બાદ ઈંધણના ભાવમાં થયેલો આ સૌથી મોટો ઘટાડો માનવામાં આવી રહ્યો છે, જેના કારણે વાહનચાલકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે પશ્ચિમ એશિયામાં તણાવમાં ઘટાડો થતાં આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવ નીચે આવ્યા છે. મુખ્ય દરિયાઈ વેપાર માર્ગો ફરી શરૂ થતાં કાચા તેલનો પુરવઠો સામાન્ય બન્યો છે. તેના પરિણામે વૈશ્વિક બજારમાં ભાવમાં ઘટાડો નોંધાયો છે અને તેનો લાભ હવે ગ્રાહકો સુધી



પહોંચવા લાગ્યો છે.

કંપનીએ દેશભરના પોતાના હજારો ઈંધણ મથકો પર નવા ભાવ અમલમાં મૂકી દીધા છે. જોકે અલગ અલગ રાજ્યોમાં લાગતા સ્થાનિક કરને કારણે અંતિમ છૂટક ભાવમાં થોડો ફેરફાર જોવા મળી શકે છે. ગુજરાત માટે પણ આ સમાચાર મહત્વના છે, કારણ કે વાડીનારમાં આવેલી દેશની અગ્રણી રિફાઈનરીમાં જાળવણીનું કામ પૂર્ણ થયા બાદ હવે સંપૂર્ણ ક્ષમતા સાથે ઈંધણનું ઉત્પાદન અને પુરવઠો શરૂ કરવામાં આવ્યો છે. બીજી તરફ દેશની સરકારી તેલ કંપનીઓએ હજુ સુધી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર જાહેર કર્યો નથી અને તેમના ઈંધણ મથકો પર અગાઉના જ ભાવ યથાવત રાખવામાં આવ્યા છે.

# પં.બંગાળમાં ઓબીસી અનામત પર સુવેન્દુ સરકારની કાતર, માત્ર ૬૬ સમુદાયોને જ અનામતનો લાભ

કોલકાત્તા,તા.૦૧

૫. બંગાળ વિધાનસભામાં અન્ય પછાત વર્ગના અનામત સંબંધિત કાયદામાં મહત્વપૂર્ણ ફેરફાર કરતા બે સુધારા વિધેયક બહુમતીથી પસાર કરવામાં આવ્યા છે. નવા કાયદા હેઠળ પછાત વર્ગ આયોગને વધુ સત્તા આપવામાં આવી છે, જ્યારે અગાઉની સરકારના સમયમાં ઓબીસી સમુદાયોની યાદીને અપાયેલી કાનૂની માન્યતા રદ કરવામાં આવી છે. આ નિર્ણય બાદ હવે રાજ્યમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સિવાયના માત્ર ૬૬ સમુદાયોને જ ઓબીસી અનામતનો લાભ મળશે.નવી વ્યવસ્થા મુજબ ઓબીસી યાદીમાં ૫૪ હિન્દુ અને ૧૨ મુસ્લિમ સમુદાયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. બીજી તરફ ૭૭ મુસ્લિમ સમુદાયોને ઓબીસી યાદીમાંથી બહાર કરવામાં આવ્યા છે. આ કાર્યવાહી કલકત્તા ઉચ્ચ ન્યાયાલયે મે ૨૦૨૪માં આપેલા આદેશના પાલનના ભાગરૂપે કરવામાં આવી હોવાનું જણાવાયું છે.પછાત વર્ગ કલ્યાણ મંત્રી ગૌરીશંકર ઘોષે વિધાનસભામાં



અનામત સંબંધિત સુધારા વિધેયક તેમજ પછાત વર્ગ આયોગ સુધારા વિધેયક રજૂ કર્યા હતા. ચર્ચા અને મતદાન બાદ બંને વિધેયકો બહુમતીથી મંજૂર કરવામાં આવ્યા હતા.સરકારના જણાવ્યા મુજબ આ સુધારાનો મુખ્ય હેતુ વર્ષ ૨૦૧૨ દરમિયાન કરવામાં આવેલા ફેરફારોને રદ કરીને વર્ષ ૧૯૯૩ની મૂળ ઓબીસી યાદીને ફરી અમલમાં લાવવાનો છે. અગાઉ ઓબીસીના બે વિભાગોમાં કુલ ૧૪૩ સમુદાયોને સ્થાન આપવામાં આવ્યું હતું, પરંતુ હવે તે યાદીને કાનૂની રીતે નાબૂદ કરવામાં આવી છે.

સરકારે જણાવ્યું છે કે ચૂંટણી દરમિયાન આપવામાં આવેલું વચન પૂર્ણ કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે અને હવે ઓબીસી અનામતની પ્રક્રિયા નવી કાનૂની જોગવાઈઓ મુજબ અમલમાં રહેશે.






# કાશ્મીરમાં આભ ફાટ્યુ, મધ્યપ્રદેશમાં વીજળી પડતા ત્રણના મોત નિપજ્યા



શ્રીનગર,તા.૦૧


દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદે ભારે તબાહી મચાવી છે. જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં બુધવારે સવારે બે વખત વાદળ ફાટવાની ઘટના બની હતી. ભલેસા વિસ્તારના કલાલગીસર વિસ્તારમાં વાદળ ફાટતા અચાનક પૂર આવ્યું હતું. પહાડ પરથી મોટા પ્રમાણમાં કાટમાળ નીચે આવી જતા રસ્તાઓ બંધ થઈ ગયા હતા અને વાહનવ્યવહાર પર અસર પહોંચી હતી. સ્થાનિક તંત્ર દ્વારા રસ્તા ખુલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.અરુણાચલ પ્રદેશમાં પણ ભારે વરસાદ અને ભૂસ્ખલનની સ્થિતિ યથાવત છે. અત્યાર સુધીમાં ચાર લોકોના મોત થયા છે. અંજો જિલ્લાના સારતી ગામમાં ભૂસ્ખલનમાં એક વ્યક્તિનું મોત થયું હતું. અગાઉ પૂરના પાણીમાં ત્રણ લોકો તણાઈ ગયા હતા, જ્યારે બે લોકો હજુ પણ ગુમ હોવાનું જણાવાયું છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં હજારો લોકો વરસાદ અને પૂરની અસર હેઠળ આવ્યા છે.મધ્યપ્રદેશમાં વીજળી પડવાની અલગ અલગ ઘટનાઓમાં ત્રણ લોકોના મોત થયા છે. બેતુલ જિલ્લામાં એક જ પરિવારના ચાર લોકો દાઝી જતા તેમની સારવાર ચાલી રહી છે.

ચંપા નદીમાં આવેલા તેજ પ્રવાહમાં બાઈક સાથે બે યુવકો તણાઈ ગયા હોવાની ઘટના પણ સામે આવી છે. બિહારમાં પણ વીજળી પડવાથી પાંચ લોકોના મોત થયા છે. ઉત્તર પ્રદેશના સોનભદ્ર જિલ્લામાં વરસાદી નાળાના તેજ પ્રવાહમાં ત્રણ લોકો તણાઈ ગયા હતા, જેમાં એક વ્યક્તિનું મોત થયું છે. ઉત્તરાખંડમાં સતત વરસાદને કારણે નદીઓમાં પાણીનું સ્તર વધી ગયું છે. દેહરાદૂનમાં નદીમાં ભારે પ્રવાહ જોવા મળી રહ્યો છે. ગંગાના વધતા જળસ્તરને ધ્યાનમાં રાખીને ઋષિકેશ વિસ્તારમાં આગામી સમય સુધી નદીમાં સાહસિક પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.







સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા.૦૨-૦૭-૨૦૨૬

# ભોજલરામ નાગરીક શરાફી સહ.મંડળી-અમરેલી શાખાના સભાસદનું નિધન થતા વારસદારને ચેક અર્પણ

અમરેલી,તા.૦૧



અમરેલી ખાતે આવેલી ભોજલરામ શરાફી સહકારી મંડળીના સભાસદ ચિરાગભાઈ અરવિંદભાઈ આકોલીયાના આકસ્મિક અવસાન બાદ મંડળી દ્વારા તેમના વારસદારને રૂ. ૨.૫૦ લાખની સહાયરૂપ રકમનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી વસંતભાઈ મોવલિયા, મંડળીના ચેરમેન ગોરધનભાઈ ગેડિયા તથા ખોડલધામ સમાધાન પંચના અધ્યક્ષ સુરેશભાઈ દેસાઈ, નગરપાલોકા પ્રમુખ પ્રતિનિધી સંદીપભાઈ માંગરોળીયા, ગુણવંતભાઈ ભંડેરી, ભુપતભાઈ સાવલીયા, દલસુખભાઈ ભેસાણીયા, પરેશભાઈ પોકળ, રજુભાઈ સુરાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત આગેવાનોએ પરિવારજનોને સાંત્વના પાઠવી હતી

# અમરેલીની ગજેરા ફાર્મસી કોલેજનું B.Pharm Sem-VIII માં ૧૦૦% પરિણામ

અમરેલી,તા.૦૧



અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત સી. વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજ, અમરેલીનું શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના B.Pharm. સેમ. VIIIનું યુનિવર્સિટી પરિણામ જાહેર થયું છે. કોલેજે યુનિવર્સિટી ટોપટેનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે અને ૧૦૦% પરિણામ સાથે ૧૦૦% ફર્સ્ટક્લાસ મેળવ્યા છે. આ સિધ્ધિમાં ભાડ અંજલી જે. (૯.૪૫ SPI) કોલેજમાં પ્રથમ, તન્વાણી સ્નેહા એ. (૯.૨૭ SPI) કોલેજમાં દ્વિતીય અને ટીંબડીયા દ્રષ્ટિ જી. (૯.૨૭ SPI) કોલેજમાં તૃતીય ક્રમે રહ્યા છે. આ સફળતા બદલ સ્ટાફ અને મેનેજમેન્ટ દ્વારા સ્ટુડન્ટ્સ તથા રેન્કર્સને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ધારી પાલિકા પ્રમુખનું સન્માન, ત્રણ કર્મીઓનો વિદાય સમારંભ યોજાયો

ધારી,તા.૦૧



ધારી નગરપાલિકામાં નવનિયુક્ત પ્રમુખ જયદીપભાઈ બસીયાનું સન્માન અને ત્રણ કર્મચારીઓનો વિદાય સમારોહ યોજાયો હતો. કાર્યક્રમમાં સમસ્ત કોળી સમાજ દ્વારા જયદીપભાઈ બસીયાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. કર્મચારી પંકજભાઈ ચંપકલાલ ઠાકર, ભીખુભાઈ વીરજીભાઈ માઢક તેમજ ૩૦ જૂને નિવૃત્ત થયેલા અન્ય કર્મચારીને શ્રીફળ અને શાલ અર્પણ કરી તેમની લાંબી અને નિષ્ઠાપૂર્વકની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

# નાગેશ્રી આરોગ્ય કેન્દ્ર ખાતે ડિજિટલ એક્સ-રે દ્વારા ટીબી નિદાન કેમ્પ યોજાયો

જાફરાબાદ,તા.૦૧



તસવીર : બાબુભાઈ વાઢેળ

રાષ્ટ્રીય ટીબી નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ચાલી રહેલી ૧૦૦ દિવસની ટીબી નિદાન ઝુંબેશ હેઠળ જાફરાબાદ તાલુકાના નાગેશ્રી આરોગ્ય કેન્દ્ર ખાતે હેન્ડહેલ્ડ ડિજિટલ એક્સ-રે મશીન દ્વારા વિશેષ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન ટીબીના શંકાસ્પદ દર્દીઓ તેમજ જોખમી લક્ષણો ધરાવતા લાભાર્થીઓના છાતીના ડિજિટલ એક્સ-રે લેવામાં આવ્યા હતા અને તબીબી તપાસ કરીને જરૂરી સારવાર શરૂ કરવામાં આવી હતી. આ કેમ્પનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને આધુનિક ટેકનોલોજી દ્વારા સ્થળ પર જ મફત અને ઝડપી નિદાન સુવિધા આપવાનો હતો. આ સમગ્ર કાર્યક્રમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જોષી, જિલ્લા ક્ષય અધિકારી ડૉ. કુરેશી અને તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. મયુર ટાંકના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો, જેને સફળ બનાવવા સિનિયર ટ્રીટમેન્ટ સુપરવાઈઝર સંદીપભાઈ જોષી, મેડિકલ ઓફિસર ડૉ. ભગીરથ, એક્સ-રે ટેકનિશિયન અમરીશભાઈ અને સ્થાનિક આરોગ્ય સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# જાફરાબાદના પીપળી કાંઠામાં વારંવાર વીજળી ગુલ થતાં લોકો પરેશાન: PGVCLમાં રજૂઆત

જાફરાબાદ,તા.૦૧

અમરેલી જિલ્લાના જાફરાબાદના પીપળી કાંઠા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ જવાની ગંભીર સમસ્યા સામે આવી છે. આ અંગે જાફરાબાદ ખારવા સમાજના પ્રમુખ ધર્મેશકુમાર બારૈયાએ સાવરકુંડલા PGVCLના કાર્યપાલક ઈજનેરને લેખિત અરજી કરી છે.અરજી અનુસાર, આ મચ્છીમારી વિસ્તારમાં પુરુષો દરિયામાં હોય છે અને સ્ત્રીઓ મચ્છી સુકવવાના કામમાં વ્યસ્ત રહે છે, જેથી ઘરોમાં માત્ર બાળકો, વૃધ્ધો અને બીમાર વ્યક્તિઓ જ હોય છે. ઉનાળાની સખત ગરમી વચ્ચે રાત્રે વારંવાર વીજળી ગુલ થતાં સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા છે. વળી, આ કાંઠાળ વિસ્તાર રેવન્યુ વિસ્તારને અડીને આવેલો હોવાથી સિંહ અને દીપડા જેવા વન્યજીવોના આતંક વચ્ચે અંધારાને કારણે જોખમ વધી જાય છે.

# સા.કુંડલાની સેન્ટ થોમસ ઈંગ્લિશ સ્કૂલમાં ડિજિટલ સ્માર્ટ ક્લાસ બોર્ડનું લોકાર્પણ


સાવરકુંડલા,તા.૦૧



સાવરકુંડલાની સેન્ટ થોમસ ઈંગ્લિશ સ્કૂલ દ્વારા આધુનિક શિક્ષણ તરફ વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરાતાં શાળામાં ડિજિટલ સ્માર્ટ ક્લાસ બોર્ડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવો, શિક્ષકો, બિનશૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. ડિજિટલ સ્માર્ટ ક્લાસ બોર્ડનું લોકાર્પણ નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે નૂતનબેન તન્ના, ઉપપ્રમુખ-નગરપાલિકા, અતુલભાઈ કાપડિયા, પરાગભાઈ તન્ના, થોમસ નેલ્લિયાકુન્નેલ, પ્રિન્સિપાલ તથા સ્થાપક, સેન્ટ થોમસ ઈંગ્લિશ સ્કૂલ, શિક્ષકો, બિનશૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે નયનાબેન કાપડિયાએ સેન્ટ થોમસ ઈંગ્લિશ સ્કૂલ દ્વારા ગુણવત્તાયુક્ત અને આધુનિક શિક્ષણ માટે કરવામાં આવતા સતત પ્રયત્નોની પ્રશંસા કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને ડિજિટલ ટેક્નોલોજીનો સદુપયોગ કરીને જ્ઞાનમાં વૃધ્ધિ કરવા તથા ભવિષ્ય માટે સજ્જ બનવા પ્રેરણા આપી હતી.

# અમરેલી જિલ્લામાં ૧૦૮ ઈમરજન્સી અને ખિલખિલાટ સ્ટાફ દ્વારા સફાઈ અભિયાન

અમરેલી,તા.૦૧



૧ જુલાઈ એટલે કે 'રાષ્ટ્રીય ડૉક્ટર્સ ડે' (ડૉક્ટર દિવસ) નિમિત્તે સમગ્ર દેશમાં તબીબોની સેવાને બિરદાવવામાં આવી રહી છે, ત્યારે અમરેલી જિલ્લામાં ૧૦૮ ઈમરજન્સી સેવા અને ખિલખિલાટ ડ્રોપ બેક યોજનાના સ્ટાફ દ્વારા સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દર્દીઓની આરોગ્ય સુરક્ષા અને સ્વચ્છતાને પ્રાધાન્ય આપીને સ્ટાફ દ્વારા એમ્બ્યુલન્સ અને લોકેશનની સફાઈનું વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ કર્મચારીઓએ એમ્બ્યુલન્સની સંપૂર્ણ સફાઈ કરી હતી. આ ઉપરાંત તમામ તબીબી સાધનોની ખૂબ જ ચોકસાઈપૂર્વક તપાસ કરવામાં આવી હતી, જેથી ઈમરજન્સી સેવાઓમાં કોઈ ખામી ન સર્જાય. આ સાથે જ, એમ્બ્યુલન્સ જ્યાં પાર્ક થાય છે તે તમામ લોકેશન અને તેની આસપાસના પરિસરને પણ સ્વચ્છ બનાવવામાં આવ્યું હતું. ડૉક્ટર દિવસની આ અનોખી ઉજવણી પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય દર્દીઓને સંપૂર્ણ જંતુમુક્ત અને સુરક્ષિત વાતાવરણમાં તાત્કાલિક સારવાર પૂરી પાડવાનો છે.












-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.200/2026
જન્મ તારીખ : 01/06/1975

શેખ છોટુભાઈ ઈબ્રાહીમભાઈ,
રહે.કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફિસરશ્રી, કોડીનાર
નગરપાલીકા, કોડીનાર, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શેખ છોટુભાઈ ઈબ્રાહીમભાઈ, રહે.કોડીનાર, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી શેખ છોટુભાઈ ઈબ્રાહીમભાઈ તથા શેખ ફાતમાબેન છોટુભાઈ ના પુત્ર સિકંદર છોટુભાઈ શેખનો જન્મ તારીખ.01/06/1975 ના રોજ કોડીનાર તાલુકાના કોડીનાર મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.26/2026
મરણ તારીખ : 08/10/1993

શ્રી પ્રતાપ નરસિંહભાઈ ગોહિલ,
રહે.સિંધાજ, ગામ-સિંધાજ, તાલુકો-કોડિનાર, જિલ્લો-ગીર સોમનાથ
............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સિંધાજ, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી પ્રતાપ નરસિંહભાઈ ગોહિલ, રહે. સિંધાજ, ગામ-સિંધાજ, તાલુકો-કોડિનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના પતિ સ્વ. નરસિંહભાઈ ગોવિંદભાઈનું મરણ તારીખ.08/10/1993ના રોજ કોડીનાર તાલુકાના સિંધાજ ગામ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૨ માહેઃ ૦૬ સને ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.223/2026
જન્મ તારીખ : 16/07/2020

લુચ્ચાણી અબુભાઈ ઈબ્રાહીમભાઈ,
રહે.મુળદ્વારકા, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, મુળદ્વારકા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી લુચ્ચાણી અબુભાઈ ઈબ્રાહીમભાઈ, રહે.મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી લુચ્ચાણી ઈમરાન અબુભાઈ તથા લુચ્ચાણી ફાતમાબેન ઈમરાન ના પુત્ર લુચ્ચાણી ફિરોજ ઈમરાનભાઈનો જન્મ તારીખ.16/07/2020 ના રોજ કોડીનાર તાલુકાના મુળદ્વારકા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૨/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-:: જાહેર નોટીસ ::-

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-

અરજી નં.219/2026
જન્મ તારીખ : 01/05/1993

લુચ્ચાણી અબુભાઈ ઈબ્રાહીમભાઈ,
રહે.મુળદ્વારકા, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, મુળદ્વારકા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી લુચ્ચાણી અબુભાઈ ઈબ્રાહીમભાઈ, રહે.મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી લુચ્ચાણી અબુભાઈ ઈબ્રાહીમભાઈ તથા લુચ્ચાણી ફાતમાબેન અબુભાઈ ના પુત્રી લુચ્ચાણી નજમા અબુભાઈનો જન્મ તારીખ.01/05/1993 ના રોજ કોડીનાર તાલુકાના મુળદ્વારકા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૨/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી
(એચ.કે.ભાસ્કર)
એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**શાકભાજીના ભાવ રૂ.૧૫૦ના કિલોની આસપાસ પહોંચતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયુ**

# વરસાદ ખેંચાતા અમરેલી જિલ્લામાં શાકભાજીના ભાવ આસમાને

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાં શાકભાજીના ભાવ દિવસેને દિવસે વધી રહ્યા છે. ઉનાળાની આકરી ગરમી અને લાંબા સમયથી વરસાદ ન પડવાના કારણે બજારમાં આવતું શાકભાજી મોટા પ્રમાણમાં બગડી રહ્યું છે. વેપારીઓના જણાવ્યા મુજબ હાલ બજારમાં પહોંચતા પહેલા જ અંદાજે ૩૫થી ૪૦ ટકા જેટલું શાકભાજી ખરાબ થઈ જાય છે. જેના કારણે વેપારીઓને નુકસાન સહન કરવું પડે છે અને તેની સીધી અસર ગ્રાહકોના ખિસ્સા પર પડી રહી છે. ઓછી આવક અને વધુ બગાડને કારણે શાકભાજીના ભાવ સતત વધી રહ્યા છે.શાકભાજીના વેપારીએ જણાવ્યું કે વરસાદના અભાવે પરિસ્થિતિ દિવસેને દિવસે ગંભીર બની રહી છે. યાર્ડમાં આવતું શાકભાજી ગરમીના કારણે શરૂઆતમાં જ ૧૦થી ૧૫ ટકા સુધી બગડી જાય છે. ત્યારબાદ સ્થાનિક વેપારીઓ જ્યારે તે માલ ખરીદી કરીને છૂટક બજારમાં પહોંચાડે છે ત્યારે વધુ ૧૫ ટકા જેટલો માલ ખરાબ થઈ જાય છે. આ રીતે ગ્રાહકો સુધી પહોંચતા કુલ ૩૫થી ૪૦ ટકા શાકભાજી વેડફાઈ જાય છે, જેના કારણે બજારમાં પુરવઠો ઘટી રહ્યો છે અને ભાવમાં વધારો થઈ રહ્યો છે.હાલ ગુજરાતના બજારોમાં મોટાભાગનું શાકભાજી અન્ય રાજ્યોમાંથી આવી રહ્યું છે. ટામેટા મહારાષ્ટ્ર અને બેંગ્લોરથી



આવે છે, જ્યારે વટાણા હિમાચલ પ્રદેશમાંથી લાવવામાં આવે છે. મરચાં અમદાવાદ આસપાસના વિસ્તારોમાંથી, મેથી અને કોથમીર ઈન્દોરથી તેમજ ગુવાર મહારાષ્ટ્રમાંથી આવી રહ્યો છે. લાંબા અંતરના પરિવહન અને ભારે ગરમીના કારણે શાકભાજીની ગુણવત્તા પર પણ નકારાત્મક અસર પડી રહી છે, જેના કારણે બગાડનું પ્રમાણ વધી રહ્યું છે.દર વર્ષે આ સમય સુધીમાં ચોમાસું સક્રિય થઈ જતું હોય છે અને રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદ શરૂ થઈ જતો હોય છે. પરંતુ આ વર્ષે ચોમાસાની ગતિ ધીમી રહેતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. હાલમાં વાવણીનો મહત્વનો સમય ચાલી રહ્યો છે અને ખેડૂતો તમામ તૈયારીઓ કરી ચૂક્યા છે, છતાં પૂરતો વરસાદ ન પડતા ખેતરો સૂકા પડ્યા છે. જો આગામી દિવસોમાં વરસાદ નહીં થાય તો વાવણી પર ગંભીર અસર પડશે અને ખેડૂતોને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડી શકે છે.બજારમાં હાલ કોથમીર, મેથી, ગુવાર, ચોળાશિંગ, આદુ અને ટામેટાના ભાવ સામાન્ય લોકોના બજેટ બહાર પહોંચી ગયા છે. વેપારીઓનું કહેવું છે કે શાકભાજીના ઉત્પાદન અને પુરવઠામાં સુધારો લાવવા માટે ઓછામાં ઓછા પાંચ ઈંચ વરસાદ જરૂરી છે. જો આગામી ૧૫ તારીખ સુધીમાં પૂરતો વરસાદ નહીં પડે તો ખેતી, બજાર અને ગ્રાહકો ત્રણેય પર તેની ગંભીર અસર જોવા મળશે અને શાકભાજીના ભાવમાં હજુ વધુ વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.આમ, વરસાદ ખેંચાતા અમરેલી જિલ્લામાં શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓનુ બજેટ ખોરવાયુ છે.

## ખાંભાના જામકા ગામેથી ૩, લાઠીમાંથી ૩ પત્તા પ્રેમી પકડાયા : ૪ જુગારી ફરાર

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાંથી પોલીસે બે સ્થળેથી ૬ જુગારીને રોકડા રૂ. ૬૪૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. લાઠીમાંથી કાનજીભાઈ બટુકભાઈ બારૈયા, અશ્વિનભાઈ બટુકભાઈ બારૈયા, કલ્પેશભાઈ મનસુખભાઈ તેરવાડીયા જાહેરમા ગંજીપતાના પાના તેમજ પૈસાથી તીનપતીનો હારજીતનો જુગાર રમતાં રોકડા રૂા.૮૨૦ સાથે ઝડપાયા હતા. જ્યારે ખાંભાના જામકા ગામેથી વિનુભાઈ ગોવિંદભાઈ જાદવ, સાંડાભાઈ બાવભાઈ મકવાણા, ભાયાભાઈ નાનજીભાઈ ખસીયા, મોહનભાઈ મકવાણા, ગૌતમભાઈ હિપાભાઈ ખસીયા, વલકુભાઈ બાબુભાઈ ચૌહાણ તથા દિનેશભાઈ ગોબરભાઈ ગેંગડીયા જાહેરમાં ગંજીપત્તાનાં પાના વડે તીન પત્તીનો પૈસાની હારજીતનો જુગાર રમતા હતા. જે પૈકી ત્રણ ઈસમો રૂ.૫,૬૭૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. જ્યારે ચાર ઈસમો અંધારાનો લાભ લઈ ભાગી ગયા હતા.

## ખાંભામાં રહેણાંક વિસ્તારમાં ચાલતી નોનવેજ હોટલ બંધ કરવાની માંગ, સ્થાનિકોનું મામલતદારને આવેદન

ખાંભા,તા.૦૧

ખાંભા શહેરના ભગવતીપર વિસ્તારમાં રહેણાંક વિસ્તારમાં ચાલતી નોનવેજ હોટલ બંધ કરવાની માંગ સાથે સ્થાનિક રહીશોએ ખાંભા મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. સ્થાનિકો રેલી સ્વરૂપે મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા અને રહેણાંક વિસ્તારમાં ચાલતી નોનવેજ હોટલ સામે વિરોધ નોંધાવ્યો



હતો. રહીશોના જણાવ્યા મુજબ રહેણાંક વિસ્તારમાં આવી હોટલ ચાલવાને કારણે સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત સમસ્યાઓ ઉભી થઈ રહી છે. દુર્ગંધ તેમજ ગંદકીના કારણે આસપાસ રહેતા પરિવારોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. સ્થાનિકોએ મામલતદાર તેમજ તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. સાથે જ ચેતવણી આપી હતી કે જો આગામી દિવસોમાં નોનવેજ હોટલ અંગે યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો સ્થાનિકો રસ્તા રોકો આંદોલન કરશે, જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.

## બાબરાના ચરખા ગામના યુવકનું ટ્રકના પાછળના ટાયર નીચે આવી જતાં મોત

બાબરા, તા. ૦૧

બાબરાના ચરખા ગામના એક યુવકનું ટ્રકના પાછળના ટાયર નીચે આવી જતાં કરૂણ મોત નીપજ્યું હતું. બાબરાના ઘુઘરાળા ગામે રહેતા અનિલભાઈ વજુભાઈ મકવાણા (ઉ.વ. ૩૬)એ પોલીસ સમક્ષ જાહેર કર્યા મુજબ, મરણજનાર હાર્દિકભાઈ ભીખુભાઈ છૈયા (રહે. ચરખા, તા. બાબરા) પોતાની મોટરસાઈકલ લઈને બાબરાથી ચરખા તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન ચરખા ગામ પાસે ભાવનગર-રાજકોટ હાઈવે પર આવેલી મુરલીધર હોટલ અને નાયરા પેટ્રોલ પંપ નજીક પહોંચતા એક ટ્રક ચાલકે તેમને અડફેટે લીધા હતા. જેને કારણે મોટરસાઈકલ પરનો કાબૂ ગુમાવતા તેઓ ટ્રકના પાછળના જોડિયા ટાયરની અંદર આવી ગયા હતા અને ગંભીર ઈજાઓ થવાના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ. એન. ગાંગણા આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## ભીલડી ગામે દાડમા દાદાની મૂર્તિ પાસે પ્રૌઢને ગાળો બોલી માર માર્યો

બાબરા, તા. ૦૧

બાબરાના ભીલડી ગામે દાડમા દાદાની મૂર્તિ પાસે એક પ્રૌઢને ગાળો બોલી ઢીકાપાટોનો માર મારવામાં આવ્યો હતો. આ અંગે મોણપુર ગામના ધીરુભાઈ દુદાભાઈ પરમારે (ઉ.વ. ૬૦) ચમારડી ગામના વલકુભાઈ લાભુભાઈ ચારોલીયા, કાકુભાઈ માવજીભાઈ ચારોલીયા તથા મંગુબેન વલકુભાઈ ચારોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, ફરિયાદીના દીકરાની સગાઈ આરોપીના કુટુંબી ભાઈ દલકુભાઈની દીકરી સાથે થઈ હતી. આરોપી વલકુભાઈએ આ લગ્ન ન થવા દેવા બાબતે ધમકી આપી હતી. જે બાબતનું મનદુઃખ રાખી આરોપીઓ ભીલડી ગામ પાસે ભેગા થયા હતા અને આ કામના ત્રણેય આરોપીઓએ ફરિયાદીને ગાળો આપી, ઢીકાપાટોનો મૂઢમાર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.




## લાઠીમાં નમો સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા સપ્તાહનો પ્રારંભ

અમરેલી,તા.૦૧



લાઠી ખાતે નમો સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા સપ્તાહ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. રાજ્યની જાહેર આરોગ્ય સંસ્થાઓમાં સ્વચ્છતા અને આરોગ્ય સેવાઓની ગુણવત્તા સુધારવાના હેતુથી ૧થી ૭ જુલાઈ દરમિયાન અભિયાન યોજાશે. જિલ્લા કક્ષાનો ઉદ્ઘાટન કાર્યક્રમ લાલજી દાદાના વડલો આરોગ્ય સંસ્થામાં યોજાયો હતો. પ્રસંગે ભાજપ શહેર પ્રમુખ ધર્મેશભાઈ સોની સહિત આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## જાફરાબાદના બાલાનીવાવમાં જૂની અદાવતમાં પિતા-પુત્ર પર હથિયારો વડે હુમલો: ૬ સામે ફરિયાદ

જાફરાબાદ, તા. ૦૧

જાફરાબાદના બાલાનીવાવ ગામે રહેતા ૨૨ વર્ષીય દિવ્યેશભાઈ વાઘેલા અને તેમના પત્ની મજૂરી કામ પતાવી મોટરસાયકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન ભટવદર ગામ પાસે બાઈકમાં પેટ્રોલ ખૂટી જતાં દિવ્યેશભાઈએ તેમના પિતા જેસિંગભાઈને પેટ્રોલ લઈને બોલાવ્યા હતા.પિતા પેટ્રોલ પૂરતા હતા ત્યારે મીઠાપુર ગામના મનસુખભાઈ વાઘેલા સહિત છ શખ્સો લોખંડની પાઈપ, ધારીયા અને લાકડાના ધોકા સાથે ધસી આવ્યા હતા. ત્રણ વર્ષ પહેલાં થયેલી બોલાચાલીની જૂની અદાવત રાખી મનસુખભાઈએ 'તારી હવા હજી ઓછી નથી થઈ' તેમ કહી ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું.દિવ્યેશભાઈના પિતાએ મધ્યસ્થી કરવાનો પ્રયાસ કરતાં ઉશ્કેરાયેલા આરોપીઓએ હુમલો કર્યો હતો. લોખંડની પાઈપ અને ધારીયાના ઘા વાગવાથી પુત્રને માથામાં પાંચ અને પિતાને ચાર ટાંકા આવ્યા હતા. હુમલાખોરો પિતા-પુત્રને મૂઢમાર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. આ અંગે જાફરાબાદ પોલીસમાં ગુનો નોંધાયો છે.

## અમરેલી જિલ્લા બજરંગ દળના સહસંયોજક તરીકે ઈન્દ્રજીતસિંહ ચૌહાણની કરાઈ વરણી

અમરેલી,તા.૦૧



વિશ્વ હિંદુ પરિષદના અનુષાંગિક સંગઠન બજરંગ દળ દ્વારા સંગઠનના વિસ્તરણ અને કાર્યને વધુ ગતિ આપવા માટે અમરેલી જિલ્લામાં વિવિધ પદાધિકારીઓની વરણી કરવામાં આવી હતી. આ અંતર્ગત ઈન્દ્રજીતસિંહ ચૌહાણને જિલ્લા બજરંગ દળના સહસંયોજક તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. આ વરણી ભાવનગર વિભાગ બજરંગ દળ સંયોજક ગીગુભાઈ આહીરના હસ્તે કરવામાં આવી હતી.

## અમરેલીમાંથી વેપારીના બાઈકની ચોરી

અમરેલી, તા. ૦૧

અમરેલીમાંથી બાઈકની ચોરી થવાની ઘટના સામે આવી છે. આ અંગે હાતિમભાઈ અબ્બાસભાઈ માંકડા (ઉ.વ. ૩૮)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે બુરહાની સ્ટીલ શોરૂમના ગેટની બહાર પોતાની રૂ.૩૫,૦૦૦ની કિંમતની મોટરસાયકલ પાર્ક કરી હતી, જેની અજાણ્યો ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

મર્હુમ હાજી ઉસ્માનભાઈ કાસમભાઈ કુરેશી એસ. ટી કંડક્ટર - સાંઢીયાવાળા (ઉ.વ ૭૫) તે કુરેશી હાજી ઇબ્રાહીમભાઇ કાસમભાઈ અને કુરેશી હાજી પ્રો. રસુલભાઈ કાસમભાઈના ભાઈ તથા કુરેશી રહીમભાઈ હાજી ઉસ્માનભાઈ અને કુરેશી રફીકભાઈ હાજી ઉસ્માનભાઈના પિતા તથા કુરેશી સમીર રહીમભાઈ અને કુરેશી સાદીક રફીકભાઈના દાદા નું તા:૩૦/૦૬/૨૦૨૬ ને મંગળવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે જિયારત તા:૦૨/૦૭/૨૦૨૬ ને ગુરુવારના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાકે મસ્જીદે ખાદીજહમાં રાખેલ છે ઔરતોની જિયારત તેમના નિવાસ સ્થાને રાખેલ છે તેમજ હિન્દુ ભાઈઆનું બેસણું તા:૦૨/૦૭/૨૦૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાન સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

ઉર્મિલાબેન સુધીરભાઈ મહેતા તે સુધીરભાઈ કાનજીભાઈ મહેતાના પત્ની તથા બળભદ્રભાઇ સુધીરભાઈ મહેતાના માતાનું તા:૩૦/૦૬/૨૦૨૬ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગત ની પ્રાર્થના સભા તા:૦૨/૦૭/૨૦૨૬ને ગુરુવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે મંગલમ્ સોસાયટી જેસર રોડ હવેલી પાસે સાવરકુંડલા ખાતે રાખેલ છે.

## -// જાહેર નોટીસ //-

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવામાં જાણ કરવામાં આવે છે. કે જુનાગઢ જીલ્લાના ભેસાણ તાલુકાના બરવાળા ગામના ખેડખાતા નં.૯૮૯ના રે.સ.નં.૪૩/૩/પૈકી ૨ની જમીન હે.આર.ચો.મી.૧-૬૧-૮૮ વાળી ખેતી ની જમીન (૧) કિરણભાઈ શામજીભાઈ ઢોલરીયા (૨) મધુભાઈ છગનભાઈ ઠુંમર (૩) લખુભાઈ રામભાઈ (૪) પોપટભાઈ કુરજીભાઈ ભેસાણીયાના સંયુકત નામે અને ખાતે આવેલ છે.

સદરહુ મિલ્કતને લગતા ઉતરોતર ટાઈટલના નીચે મુજબના અસલ દસ્તાવેજ નંબર ૮૯/૨૦૦૩ની ૨.જી.ફી પહોંચ અમો હાલના માલીકો (૧) કિરણભાઈ શામજીભાઈ ઢોલરીયા (૨) મધુભાઈ છગનભાઈ ઠુંમર (૩) લખુભાઈ રામભાઈ (૪) પોપટભાઈ કુરજીભાઈ ભેસાણીયાના કબજામા નથી.તેમજ અસલ દસ્તાવેજ નંબર ૮૯/૨૦૦૩ની ૨.જી.ફી પહોંચ શોધવા છતા મળી આવેલ નથી અથવા ગુમ થઈ ગયેલ છે. ખોવાયેલ છે. તે અમો હાલના માલીક જાહેર કરીએ છીએ. જે અસલ દસ્તાવેજ નંબર ૮૯/૨૦૦૩ની ૨.જી.ફી પહોંચ ગુમ થયેલ છે.

ઉપરોકત દસ્તાવેજ નંબર ૮૯/૨૦૦૩ ની ૨.જી.ફી પહોંચ કોઈના કબજા મા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ–૮ માં અમોને જાણ કરશો. જો કોઈ વાંધો નહીં આવે તો જે કોઈ ના પણ હકક કે હીત હશે તે જતા (વેઈવ) કરેલ માનવામાં આવશે અને મારા અસીલ પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈ પણ ના વાંધા મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની આ જાહેર નોટીસથી તમામ જાહેર જનતાને જાણ કરીએ છીએ. જેની સૌએ સ્પષ્ટપણે નોંધ લેવી.

સ્થળઃ– ભેસાણ

(૧) કિરણભાઈ શામજીભાઈ ઢોલરીયા
(૨) મધુભાઈ છગનભાઈ ઠુંમર
(૩) લખુભાઈ રામભાઈ
(૪) પોપટભાઈ કુરજીભાઈ ભેસાણીયા
તે અમારી સુચના અને ફરમાઈશથી

## મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કોર્ટમાં, ભેંસાણ

-:: જાહેર નોટીસ ::-

કેસ.નં.જન્મ-મરણ/૫૭/૨૦૨૬

શ્રી ધ્રુવીબેન અતુલભાઈ મકવાણા
રહે. બડોદર, તા.કેશોદ, જી.જુનાગઢ

........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - છોડવડી
તા.ભેંસાણ, જી-જુનાગઢ

.....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ધ્રુવીબેન અતુલભાઈ મકવાણાનો જન્મ તા.૦૨/૦૪/૨૦૦૫ના રોજ ગામ મોજેઃ છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી - છોડવડી, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- આઠમી મી માહે : જુન સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ



# અમરેલીની અજમેરા કન્યા વિદ્યાલયને ડિજિટલ સ્માર્ટ બોર્ડની મળી ભેટ

અમરેલી,તા.૦૧

આજરોજ શ્રીમતી એસ. એસ. અજમેરા કન્યા વિદ્યાલય ખાતે રોટરી ક્લબ ઓફ અમરેલી ગીર દ્વારા ડિજિટલ સ્માર્ટ બોર્ડ અર્પણ કરવાનો એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ અમરેલી ગીરના હોદેદારો સહિત આ બોર્ડનું દાન કરનાર રોટરી સભ્ય પિયુષભાઈ અજમેરા તથા અગ્રણી વેપારી



જીતુભાઈ ઝિંઝુવાડીયા ખાસ હાજર રહ્યા હતા. શાળાની વિદ્યાર્થીની બહેનોના શૈક્ષણિક લાભાર્થે અંદાજે ૧,૧૦,૦૦૦ રૂપિયાની કિંમતનું અતિ આધુનિક ડિજિટલ સ્માર્ટ બોર્ડ શાળાના બાળકોને અર્પણ કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે શ્રીમતી એસ. એસ. અજમેરા કન્યા વિદ્યાવિહારના મેનેજિંગ ટ્રસ્ટી રાજુભાઈ કામદાર તથા શાળાના આચાર્યા કંચનબેન બારૈયાએ શાળા પરિવાર વતી દાતાઓનો આભાર માન્યો હતો.

તેમણે રોટરી ક્લબ ઓફ અમરેલી ગીરના પ્રમુખ ત્રિલોક ભટ્ટ, સેક્રેટરી નીરવ ઝિંઝુવાડીયા તેમજ તમામ સભ્યોનો હૃદયપૂર્વક ઋણ સ્વીકાર કરી પોતાની લાગણી વ્યક્ત કરી હતી.

# સાવરકુંડલાના આડીશેરીના રહીશો રખડતા ઢોરથી ત્રસ્ત

સાવરકુંડલા,તા.૦૧

સાવરકુંડલા શહેરના આડીશેરી વિસ્તારમાં રહેતા સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ જલારામ મંદિર, કબીર મંદિર તથા સ્વામિનારાયણ મંદિર તરફ જતો આ મુખ્ય માર્ગ હોવાથી દરરોજ મોટી સંખ્યામાં વડીલો, મહિલાઓ અને બાળકોની અવરજવર રહે છે. પરંતુ રસ્તા પર રખડતા પશુઓના ટોળાના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને



તસવીર : સૌરભ દોશી

મુશ્કેલીનો સામનો કરવો પડે છે. પશુઓ વચ્ચે ઝઘડા થતાં પાર્ક કરેલા વાહનોને પણ નુકસાન પહોંચે છે. ઉપરાંત વહેલી સવારે મોટા અવાજે હોર્ન વગાડાતા વૃધ્ધો, દર્દીઓ અને નાના બાળકોના આરામમાં ખલેલ પહોંચે છે. મોડી રાત્રે લીલો કચરો સહિતની સામગ્રી સળગાવવાના કારણે ધુમાડો ફેલાઈ રહેણાંક વિસ્તારમાં રહેતા લોકોને તકલીફ પડે છે અને આગ લાગવાનો ભય રહે છે. પશુઓના કચરા અને ખાતરના સંગ્રહથી સ્વચ્છતા તેમજ આરોગ્ય સંબંધિત પ્રશ્નો પણ ઉભા થયા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે. અનેક રજૂઆતો છતાં ઉકેલ ન આવતા તંત્ર તાત્કાલિક સ્થળ તપાસ કરી અસરકારક કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

# બાબરા શહેરમાંથી સગીરાનું બદકામના ઈરાદે અપહરણ

**સગીરાના પિતાએ કાના નામના શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

બાબરા, તા. ૦૧

બાબરામાંથી એક સગીરાનું બદકામના ઈરાદે અપહરણ કરાયું હોવાની ઘટના સામે આવી છે. સગીરાના પિતાએ કાનો મનુભાઈ કડેવાળ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી તેમની સગીર દીકરીને લલચાવી-ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપીને બદકામ કરવાના ઈરાદે તેના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી ગયો હતો.

આ અંગે બાબરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.એસ. ડાંગર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# દામનગરમાં ઘન કચરા વ્યવસ્થાપન અંગે વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૧

દામનગર નગરપાલિકા દ્વારા ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ તથા સુપ્રીમ કોર્ટના આદેશોના અસરકારક અમલીકરણ માટે એક દિવસીય વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગર ઝોનના પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓના માર્ગદર્શન



હેઠળ એમ.સી. મહેતા હાઈસ્કૂલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ, વિવિધ સમિતિઓના ચેરમેન, ચૂંટાયેલા પદાધિકારીઓ, સભ્યો, મુખ્ય અધિકારી, સેનેટરી ઈન્સ્પેક્ટરો, સુપરવાઈઝરો, સફાઈ કામદારો તેમજ સ્થાનિક નાગરિકો અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. તાલીમ દરમિયાન કચરાના વૈજ્ઞાનિક નિકાલ, સુનિયોજિત વ્યવસ્થાપન અને સ્વચ્છતા સંબંધિત વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# રાજુલાના મોરંગી ગામે માટી નાખી ખાડા પૂરવા મુદ્દે માથાકૂટ

રાજુલા, તા. ૦૧

રાજુલાના મોરંગી ગામે માટી નાખી ખાડા પૂરવા મુદ્દે માથાકૂટ થઈ હતી. લાભુબેન નાજાભાઈ પરમાર (ઉ.વ.૪૦)એ લીલાબેન મંગાભાઈ જોગદીયા, ભુપતભાઈ મંગાભાઈ જોગદીયા, ભુરો ભુપતભાઈ જોગદીયા તથા વિશાલભાઈ ભવનભાઈ જોગદીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ લાભુબેન તેમના ઘર આગળ રસ્તાના ખાડામાં માટી નાખી ખાડા પૂરતા હતા, જે આ આરોપીઓને સારું નહીં લાગતા ગાળો આપી ઢીકાપાટુંનો મુંઢ માર માર્યો હતો. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ચાંચ ગામે જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામસામે ફરિયાદ

રાજુલા, તા. ૦૧

રાજુલાના ચાંચ ગામે સામસામે જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. પ્રથમ પક્ષના સંજયભાઈ ભાનુભાઈ ધુંધળવાએ ગોપાલભાઈ ચકુરભાઈ ચૌહાણ, મોહિત મેર, જીગરભાઈ વિષ્ણુભાઈ ચૌહાણ તથા અર્જુનભાઈ સોમાતભાઈ શિયાળ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને આરોપીઓ સાથે અગાઉ થયેલી માથાકૂટનો કેસ રાજુલાની નામદાર કોર્ટમાં ચાલુ હતો. જે વાતનું મનદુઃખ રાખી આરોપીઓએ તેમને શીતળા માતાના મંદિર પાછળ ચોપાટીએ ઢીકાપાટુનો માર મારી છરી વડે ઈજા પહોંચાડી હતી. તેમજ વાળ પકડીને પાછળથી પણ માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જેની સામે બીજા પક્ષના જીગરભાઈ ઉર્ફે બંટી વિષ્ણુભાઈ ચૌહાણએ ભાનુભાઈ નારણભાઈ ધુંધળવા, શૈલેષભાઈ ભાનુભાઈ ધુંધળવા, ભાવિનભાઈ ભાનુભાઈ ધુંધળવા તથા અન્ય ત્રણ અજાણ્યા વ્યક્તિઓ સામે વળતી ફરિયાદ નોંધાવી છે. જે મુજબ, અગાઉ સંજયભાઈ ભાનુભાઈ ધુંધળવા સાથે થયેલી મારામારીની બાબતનું મનદુઃખ રાખી, જ્યારે તેઓ (જીગરભાઈ) અને તેમના મિત્ર ગોપાલભાઈ ચાંચ ગામની ચોપાટીએ બેઠા હતા, ત્યારે આરોપીઓએ એકસંપ થઈ ફોર-વ્હીલ ગાડીમાં આવી તલવાર, છરી, લોખંડના પાઈપ અને લાકડી જેવા ધારદાર તથા બોથડ હથિયારો વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં તેમને વાંસાના ભાગે ચાર ટાંકા આવે તેવી ઈજા થઈ હતી. તેમજ ગાળો આપી, મૂઢ માર મારીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

# લાઠીમાં ટ્રકમાં તાડપત્રીની આડમાં થતી વિદેશી દારૂની ખેપ ઝડપાઈ

**જિલ્લામાં ત્રણ સ્થળેથી વિદેશી દારૂ પકડાયો**

લાઠી, તા. ૦૧

અમરેલી જિલ્લામાં પોલીસે ત્રણ સ્થળેથી વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. લાઠીમાં દ્વારકાધીશ હોટલ પાસેથી પોલીસે ટ્રકમાં તાડપત્રીની આડમાં થતી દારૂની ખેપ ઝડપી પાડી હતી. પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૫૩ પેટીઓ, જેમાં નાની બોટલો નંગ ૭,૩૪૪ મળી કુલ રૂ. ૧૯,૨૪,૮૦૦નો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે દારૂની બોટલો, તાડપત્રી અને મોબાઈલ મળી કુલ રૂ.



૨૬,૩૬,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.ચિત્તલ ગામેથી ફોર વ્હીલ લઈને પસાર થતાં યુવકને અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટના વિદેશી દારૂની ૩૨૦ બોટલ મળી આવી હતી. પોલીસે કાર અને દારૂની બોટલો મળી રૂ. ૨,૬૪,૭૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલાના ગાધકડા ગામે મોમાઈ મંદિર સામે આવેલી 'ફૈઝ કરિયાણા'ની દુકાનમાંથી ભારતીય બનાવટના પરપ્રાંતિય દારૂની ૧૦૧ બોટલો મળી આવી હતી. પોલીસે ત્યાંથી કુલ રૂ. ૧૬,૬૬૫નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.અમરેલીમાં એક મહિલા પાસેથી ૫ લીટર પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો. આ સિવાય જિલ્લામાં ૧૭ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ બીજ
તા.૦૨-૦૭-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૫:૨૬,
સૂર્યાસ્ત-૦૭:૨૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ઉત્તરાષાઢા

## દૈનિક રાશિફળ

તા.૦૨-૦૭-૨૦૨૬ ગુરુવાર

મેષ:કામના સ્થળે સાનૂકુળ પરિસ્થિતિ રહેશે. વેપારમાં લાભના સંજોગ છે. પરંતુ આજે વ્યવહાર પર ખાસ ધ્યાન આપજો, કોઇને સાથે અણબનાવ બનવાની આશંકા છે.

વૃષભ: આજે ગુસ્સો વધારે આવશે તો અંકુશ જાળવી રાખજો. કેટલાક લોકોને આળસ આવશે. વિદ્યાર્થીઓએ અભ્યાસ પર ખાસ ધ્યાન આપવું.

મિથુન:આજે ટીમવર્કમાં કામ કરવું જોઇએ, જેથી સારા પરિણામ મળશે. મિત્ર માટે પ્રેઝન્ટ ખરીદતી વખતે ખર્ચ પર ધ્યાન આપવું.

કર્ક: આજે આપ દિવસ દરમિયાન વ્યસ્ત રહેશો. સાંજ સુધી આ રાશિના લોકોને સારા સમાચાર મળી શકે છે. આજે રોકાણ કરવાનું વિચારી રહ્યો છો તો દિવસ શ્રેષ્ઠ છે.

સિંહ: આજનો દિવસ મંગળમય રહેશે. શુભ દિવસનો લાભ ઉઠાવવો જોઇએ. કામના સ્થળે તાલમેલથી કામ કરવું અને સહ કર્મચારીઓ સાથે વિવાદમાં ઉતરતાં બચવું.

કન્યા:વિદ્યાર્થીઓ અભ્યાસ પર ધ્યાન આપે. વેપાર અર્થે નવી ટેકનિક ફાયદામાં રહેશે. સાંજ સુધી લાભ થશે, મહેનતની કામ કરતા રહેજો.

તુલા: આજનો દિવસ હળવો રહેશે. ઉતાવળમાં કામ કરતાં નુકસાન પહોંચી શકે છે. પ્રયત્ન કરતાં રહેશો તો અટકેલુ કામ પૂર્ણ થશે.

વૃશ્ચિક: આજે જીવનમાં કંઇક ખાસ અનુભવ થશે, પરંતુ જોખમવાળા કામમાં ધ્યાન આપવું જરુરી છે. પરિવારમાં વિરોધીઓ છે તો આજે સાચવીને રહેવું.

ધન: આજનો દિવસ શુભ રહેશે. કામનું પ્રેશર રહેશે, વ્યસ્ત રહેશો. બુદ્ધિ અને સમજશક્તિથી કરેલા કામથી આજે લાભ થશે. જૂની અડચણનો અંત આવી શકે છે.

મકર: આજે તમારો દિવસ સારો વિતશે. તમારા સંબંધીઓ સાથે જૂના વિવાદોને દૂર કરવાની તક આપશે. ગુસ્સો આવી શકે છે.

કુંભ: આજે આપનો દિવસ મિશ્રણભર્યો રહેશે. બપોર સુધી આકરી મહેનત કરવી પડશે. સાંજના સમયે કામમાંથી સમય કાઢીને પાર્ટી કરી શકો છો.

મીન: આજે બપોર પહેલા કોઇ સારા સમાચાર મળી શકે છે. કામના સ્થળે સહયોગીઓની મદદ મળશે, ટીમવર્કથી તમારું કામ સમયસર પૂરુ થશે.

# રાજુલાના સમઢિયાળા-૧ ગામેથી ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે પોલિયો રસીકરણ અભિયાનનો પ્રારંભ

રાજુલા, તા. ૦૧

બાળલકવા નાબુદી અભિયાન અંતર્ગત ભારત સરકાર દ્વારા આયોજિત રાષ્ટ્રવ્યાપી એન. આઈ.ડી. (NID) પોલિયો રાઉન્ડ અંતર્ગત રવિવારે રાજુલા તાલુકામાં મહાઅભિયાનનો પ્રારંભ થયો છે. રાજુલા-જાફરાબાદ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે સમઢિયાળા-૧ ગામેથી બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવીને આ રસીકરણ કાર્યક્રમ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ અભિયાનના પ્રથમ દિવસે તાલુકાના અંદાજે ૧૬૪૬૦ જેટલા બાળકોને પોલિયોની રસીથી રક્ષિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, બાળકો એ દેશનું ભવિષ્ય છે અને તેમને સુદ્રઢ સ્વાસ્થ્ય પ્રદાન કરવું એ



તસવીર : ગોપાલ રાઠોડ

આપણી નૈતિક ફરજ છે. સરકાર દ્વારા ચલાવવામાં આવતા આ આરોગ્યલક્ષી અભિયાનનો લાભ તાલુકાના છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે તંત્ર સંપૂર્ણ સજ્જ છે. તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. નિલેશ કલસરીયાએ જણાવ્યું હતુ કે, રાજુલા તાલુકાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં એક પણ બાળક રસીકરણથી વંચિત ન રહી જાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા ખાસ બૂથ, મોબાઈલ ટીમ અને ટ્રાન્ઝિટ ટીમની વ્યવસ્થા કરવામાં આવી છે.

# રસ્તામાં પાળો કરવાની ના પાડતાં ઢીકાપાટુનો માર માર્યો

**રાજુલાના મોરંગી ગામનો બનાવ**

રાજુલા, તા. ૦૧

રાજુલાના મોરંગી ગામે રસ્તામાં પાળો કરવાની ના પાડતાં ઢીકાપાટુનો માર માર્યાની ફરિયાદ નોંધાઈ હતી. લીલાબેન બળવંતભાઈ મારુ (ઉ.વ. ૩૫) એ લાભુબેન નાજાભાઈ પરમાર તથા લલીતાબેન મહેશભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓ માટી નાખી રસ્તામાં પાળો કરતા હતા. તેમણે પાળો કરવાની ના પાડતાં સામાવાળાઓને સારું નહીં લાગતાં ફરિયાદીને ગાળો આપી ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.


-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.210/2026
જન્મ તારીખ : 01/06/1976

ભાનુભાઈ ગોવિંદભાઈ વાઝા,
રહે.મિતીયાજ, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, મિતીયાજ, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભાનુભાઈ ગોવિંદભાઈ વાઝા, રહે.મિતીયાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ભાનુભાઈ ગોવિંદભાઈ વાઝા તથા લક્ષ્મીબેન ભાનુભાઈ વાઝા ના પુત્રી વાઝા હીરાબેન ભાનુભાઈનો જન્મ તારીખ.01/06/1976 ના રોજ કોડીનાર તાલુકાના મિતીયાજ મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૧/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.217/2026
જન્મ તારીખ : 18/04/1994

લુચ્ચાણી અબુભાઈ ઈબ્રાહીમભાઈ,
રહે.મુળદ્વારકા, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, મુળદ્વારકા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી લુચ્ચાણી અબુભાઈ ઈબ્રાહીમભાઈ, રહે.મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી લુચ્ચાણી અબુભાઈ ઈબ્રાહીમભાઈ તથા લુચ્ચાણી ફાતમાબેન અબુભાઈ ના પુત્ર લુચ્ચાણી શાહીદ અબુભાઈનો જન્મ તારીખ.18/04/1994 ના રોજ કોડીનાર તાલુકાના મુળદ્વારકા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૨/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

-:: જાહેર નોટીસ ::-

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.220/2026
જન્મ તારીખ : 01/02/1991

લુચ્ચાણી અબુભાઈ ઈબ્રાહીમભાઈ,
રહે.મુળદ્વારકા, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ...........અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, મુળદ્વારકા, તા.કોડીનાર કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી લુચ્ચાણી અબુભાઈ ઈબ્રાહીમભાઈ, રહે.મુળદ્વારકા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી લુચ્ચાણી અબુભાઈ ઈબ્રાહીમભાઈ તથા લુચ્ચાણી ફાતમાબેન અબુભાઈ ના પુત્ર લુચ્ચાણી ઈમ્રાન અબુભાઈનો જન્મ તારીખ.01/02/1991 ના રોજ કોડીનાર તાલુકાના મુળદ્વારકા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૨/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**તંત્રી લેખ**

# કરોડપતિ સાંસદો ગરીબ-મધ્યમ વર્ગ માટે કામ કરશે?

ભારતની સંસદ દેશની સર્વોચ્ચ લોકતાંત્રિક સંસ્થા છે, જ્યાંથી દેશના શાસન અને વિકાસની દિશા નક્કી થાય છે. તેથી સંસદમાં બેસનારા પ્રતિનિધિઓ પાસેથી સામાન્ય નાગરિક કરતાં વધુ નૈતિકતા, પારદર્શિતા અને જનહિત પ્રત્યેની પ્રતિબધ્ધતાની અપેક્ષા રાખવામાં આવે છે. પરંતુ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR)ના તાજેતરના અહેવાલે એક ચિંતાજનક વાસ્તવિકતા ઉજાગર કરી છે. અહેવાલ મુજબ, સંસદના સભ્યોની સરેરાશ જાહેર કરાયેલી સંપત્તિમાં સતત વધારો થઈ રહ્યો છે, જે સામાન્ય ભારતીયની આર્થિક સ્થિતિથી ખૂબ જ દૂર છે. અહેવાલનો સૌથી નોંધપાત્ર મુદ્દો એ છે કે રાજ્યસભાના સભ્યો લોકસભાના સભ્યો કરતાં ઘણી વધુ સંપત્તિ ધરાવે છે. રાજ્યસભાના હાલના સભ્યોની સરેરાશ જાહેર કરાયેલી સંપત્તિ આશરે ૧૧૫.૨૫ કરોડ રૂપિયા છે, જ્યારે ૨૦૨૪માં ચૂંટાયેલા લોકસભાના સભ્યોની સરેરાશ સંપત્તિ ૪૬.૩૪ કરોડ રૂપિયા છે. બંને ગૃહો વચ્ચે આશરે ૬૯ કરોડ રૂપિયાનો તફાવત માત્ર આંકડાકીય માહિતી નથી, પરંતુ દેશની લોકશાહી અને રાજકીય વ્યવસ્થાના સ્વરૂપ અંગે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. લોકસભાના સભ્યો સીધા જનતા દ્વારા ચૂંટાય છે, જ્યારે રાજ્યસભાના સભ્યો પરોક્ષ રીતે ચૂંટાય છે. સામાન્ય માન્યતા એવી છે કે રાજ્યસભામાં અનુભવી અને નીતિગત સમજ ધરાવતા લોકોનું પ્રતિનિધિત્વ વધુ હોય છે. પરંતુ સરેરાશ સંપત્તિના આંકડાઓ સૂચવે છે કે રાજકારણમાં આર્થિક રીતે સમધ્ધ વર્ગનું પ્રભુત્વ વધતું જઈ રહ્યું છે. પરિણામે સામાન્ય નાગરિક, ખેડૂત, મજૂર અને મધ્યમ વર્ગના લોકોનું પ્રતિનિધિત્વ પ્રમાણમાં ઓછું જોવા મળે છે. ચૂંટણી પ્રક્રિયામાં વધતો ખર્ચ પણ આ પરિસ્થિતિ માટે જવાબદાર છે. ચૂંટણી લડવા માટે મોટી રકમની જરૂર પડતી હોવાથી સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતો વ્યક્તિ રાજકારણમાં પ્રવેશવા માટે અનેક મુશ્કેલીઓનો સામનો કરે છે. પરિણામે સંપત્તિ અને સત્તા વચ્ચેનો સંબંધ વધુ મજબૂત બનતો જાય છે. જ્યારે મોટા ભાગના ધારાસભ્યો અને સાંસદો આર્થિક રીતે અત્યંત સમૃધ્ધ હોય, ત્યારે ગરીબી, બેરોજગારી, કૃષિ સંકટ અને જીવનનિર્વાહ જેવી સમસ્યાઓ અંગે તેમની સંવેદનશીલતા અંગે પ્રશ્નો ઊભા થવા સ્વાભાવિક છે. આ ઉપરાંત, જાહેર કરાયેલી સંપત્તિ અને વાસ્તવિક સંપત્તિ વચ્ચે પણ તફાવત હોવાની ચર્ચા વારંવાર થાય છે. ઘણા રાજકીય નેતાઓ વિવિધ કંપનીઓ, વ્યવસાયો અને મિલકતો સાથે સંકળાયેલા હોય છે.

આવી સ્થિતિમાં હિતોના સંઘર્ષ અંગે પારદર્શિતા જાળવવી અત્યંત જરૂરી બની જાય છે, જેથી જનતાનો વિશ્વાસ લોકશાહી પર અડગ રહે.આ સ્થિતિ માત્ર આર્થિક અસમાનતાનો પ્રશ્ન નથી, પરંતુ લોકશાહીની ગુણવત્તા સાથે પણ સીધી રીતે જોડાયેલી છે. જો સંસદ ખરેખર દેશના દરેક વર્ગનું પ્રતિનિધિત્વ કરવા માંગતી હોય, તો મહિલાઓ, યુવાનો, ખેડૂતો, શ્રમિકો અને આર્થિક રીતે પછાત વર્ગોને વધુ તકો આપવાની જરૂર છે. રાજકારણમાં પૈસાનું વધતું પ્રભુત્વ ઘટાડવા માટે ચૂંટણી સુધારા, પારદર્શક ચૂંટણી ખર્ચ અને રાજકીય નાણાકીય વ્યવસ્થામાં સુધારા અનિવાર્ય બની ગયા છે. આખરે, લોકશાહીનું સાચું બળ મતદાતાઓમાં રહેલું છે. જો મતદાતાઓ ઉમેદવારની સંપત્તિ કરતાં તેની ઈમાનદારી, કાર્યક્ષમતા, સેવાભાવ અને જાહેર જીવનમાં કરેલા યોગદાનને વધુ મહત્વ આપશે, તો રાજકારણમાં ગુણવત્તાસભર પરિવર્તન શક્ય બનશે. પૈસાની તાકાત નિશ્ચિતપણે પ્રભાવશાળી છે, પરંતુ લોકશાહીમાં મતપેટી (બેલેટ) સૌથી મોટી શક્તિ છે. જાગૃત મતદારો જ એવી સંસદનું નિર્માણ કરી શકે છે.

# સ્માર્ટફોનનું વ્યસન : આધુનિક યુગનો ગંભીર પડકાર




**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

આધુનિક યુગમાં સ્માર્ટફોન માનવજીવનનો અભિન્ન ભાગ બની ગયો છે. સંદેશાવ્યવહાર, શિક્ષણ, માહિતી મેળવવી, ઓનલાઈન બેંકિંગ, મનોરંજન, વ્યવસાય અને સરકારી સેવાઓ સહિત અનેક કાર્યો આજે સ્માર્ટફોન દ્વારા સરળતાથી થઈ શકે છે. ટેક્નોલોજીએ જીવનને વધુ ઝડપી, સરળ અને સુવિધાસભર બનાવ્યું છે. જોકે, તેનો અતિરેક ઉપયોગ હવે ગંભીર સામાજિક, માનસિક અને શારીરિક સમસ્યા તરીકે સામે આવી રહ્યો છે. ખાસ કરીને બાળકો અને યુવાનોમાં સ્માર્ટફોનનું વધતું વ્યસન ચિંતાજનક સ્થિતિ સર્જી રહ્યું છે. પરિવારના સભ્યો વચ્ચેનો સંવાદ ઘટી રહ્યો છે, અભ્યાસ પર અસર પડી રહી છે અને માનસિક સ્વાસ્થ્ય પણ જોખમમાં મુકાઈ રહ્યું છે. શરૂઆતમાં સ્માર્ટફોન માત્ર વાતચીત અને સંદેશા મોકલવાનું સાધન હતો. પરંતુ સમય જતાં તેમાં ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા, વિડિયો પ્લેટફોર્મ, ઓનલાઈન ગેમિંગ, કૃત્રિમ બુધ્ધિમત્તા આધારિત એપ્લિકેશનો અને ડિજિટલ ચુકવણી જેવી અનેક સુવિધાઓ ઉમેરાતાં તે દૈનિક જીવનનું કેન્દ્ર બની ગયો છે. આજે એવી સ્થિતિ સર્જાઈ છે કે ઘણા લોકો થોડા સમય માટે પણ સ્માર્ટફોનથી દૂર રહી શકતા નથી. દિવસની શરૂઆત એલાર્મથી થાય છે અને દિવસનો અંત સોશિયલ મીડિયા અથવા વિડિયો જોતા થાય છે. આ સતત નિર્ભરતા ધીમે ધીમે વ્યસનનું સ્વરૂપ ધારણ કરે છે. વિવિધ અભ્યાસો દર્શાવે છે કે ભારતીયો દરરોજ અનેક કલાકો સ્માર્ટફોન પર વિતાવે છે. બાળકો અને કિશોરોમાં આ સમય સતત વધી રહ્યો છે. ઘણા માતા-પિતા સ્વીકારે છે કે તેમના સંતાનો જરૂર કરતાં વધુ સમય મોબાઈલમાં વિતાવે છે. પરંતુ ચિંતાજનક બાબત એ છે કે ઘણી વખત માતા-પિતા પોતે પણ લાંબા સમય સુધી મોબાઈલમાં વ્યસ્ત રહે છે, જેના કારણે બાળકો પણ તે જ વર્તનનું અનુસરણ કરે છે. બાળક માટે પરિવાર પ્રથમ શાળા અને માતા-પિતા પ્રથમ શિક્ષક હોય છે. તેથી તેમની ટેવો બાળકોના વ્યક્તિત્વ પર સીધી અસર કરે છે. બાળપણ અને કિશોરાવસ્થા વ્યક્તિત્વના વિકાસનો સૌથી મહત્વપૂર્ણ સમય છે. આ સમયગાળા દરમિયાન સતત સ્માર્ટફોનનો ઉપયોગ અનેક નકારાત્મક અસરો પેદા કરી શકે છે. અભ્યાસમાં એકાગ્રતા ઘટે છે, યાદશક્તિ નબળી પડે છે અને સર્જનાત્મકતા પર અસર થાય છે. સતત સ્ક્રીન સામે બેસવાથી આંખોમાં થાક, માથાનો દુખાવો, ઊંઘમાં ખલેલ, શારીરિક નિષ્ક્રિયતા અને સ્થૂળતા જેવી સમસ્યાઓ પણ વધી શકે છે. લાંબા ગાળે આ સમસ્યાઓ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય બંનેને નુકસાન પહોંચાડી શકે છે. સોશિયલ મીડિયા યુવાનોના જીવન પર વિશેષ અસર કરે છે. લાઈક્સ, કોમેન્ટ્સ અને ફોલોઅર્સની સ્પર્ધામાં ઘણા યુવાનો પોતાનું આત્મમૂલ્યાંકન અન્ય લોકો સાથે સરખાવીને કરવા લાગે છે. સતત અન્ય લોકોના જીવન સાથે પોતાની તુલના કરવાથી આત્મવિશ્વાસમાં ઘટાડો થાય છે અને ચિંતા, તણાવ, હતાશા તથા એકલતાની લાગણી વધી શકે છે. ઘણી વખત વર્ચ્યુઅલ દુનિયામાં મળતી સ્વીકૃતિને લોકો વાસ્તવિક સંબંધો કરતાં વધુ મહત્વ આપવા લાગે છે, જે માનસિક સંતુલન માટે હાનિકારક બની શકે છે. એક સમયુ હતો જ્યારે પરિવારના સભ્યો સાથે મળીને ભોજન લેતા, ચર્ચા કરતા અને દિવસભરના અનુભવો વહેંચતા હતા. આજે ઘણી જગ્યાએ દરેક સભ્ય પોતાના સ્માર્ટફોનમાં વ્યસ્ત જોવા મળે છે. એક જ ઘરમાં રહેતા લોકો વચ્ચેનો સંવાદ ઓછો થવા લાગ્યો છે. પરિણામે સંબંધોમાં લાગણી, આત્મીયતા અને વિશ્વાસ ધીમે ધીમે ઘટવા લાગે છે. બાળકોને સમય આપવાને બદલે તેમને શાંત રાખવા માટે મોબાઈલ આપવાની પ્રથા પણ વધી રહી છે. આ કારણે બાળકોનો ભાવનાત્મક અને સામાજિક વિકાસ અસરગ્રસ્ત બની શકે છે. સોશિયલ મીડિયા માહિતી અને અભિવ્યક્તિનું શક્તિશાળી માધ્યમ છે, પરંતુ તેનો અતિરેક ઉપયોગ નુકસાનકારક બની શકે છે. સતત નવી પોસ્ટ, વિડિયો અને રીલ્સ જોવાથી સમયનો બગાડ થાય છે. વિવિધ પ્લેટફોર્મના અલ્ગોરિધમ વપરાશકર્તાને ગમતી સામગ્રી વારંવાર બતાવતા હોવાથી વ્યક્તિ લાંબા સમય સુધી સ્ક્રીન સાથે જોડાયેલી રહે છે. આ પ્રક્રિયા ધીમે ધીમે વ્યસનનું સ્વરૂપ ધારણ કરે છે. ઉપરાંત, ખોટી માહિતી, સાયબર બુલિંગ, ઓનલાઈન છેતરપિંડી અને વ્યક્તિગત માહિતીના દુરુપયોગ જેવા જોખમો પણ વધતા જાય છે. તેથી સોશિયલ મીડિયાનો જવાબદારીપૂર્વક અને સાવચેતીપૂર્વક ઉપયોગ કરવો જરૂરી છે. બાળકોમાં સારી ડિજિટલ ટેવો વિકસાવવાની સૌથી મોટી જવાબદારી માતા-પિતાની છે. જો માતા-પિતા પોતે સતત મોબાઈલમાં વ્યસ્ત રહેશે તો બાળકોને યોગ્ય સંદેશ મળશે નહી. પરિવારે મોબાઈલના ઉપયોગ માટે સ્પષ્ટ સમયમર્યાદા નક્કી કરવી જોઈએ. ભોજન દરમિયાન, અભ્યાસ સમયે અને સૂતા પહેલાં મોબાઈલનો ઉપયોગ ટાળવો જોઈએ. પરિવાર સાથે વાતચીત, રમતો, પુસ્તકોનું વાંચન અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ માટે નિયમિત સમય ફાળવવો જોઈએ. બાળકોને પ્રેમ, સમજણ અને યોગ્ય માર્ગદર્શન દ્વારા સંતુલિત ડિજિટલ જીવનશૈલી તરફ પ્રેરિત કરવું જોઈએ. શાળાઓ અને શિક્ષણ સંસ્થાઓ પણ આ દિશામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે. વિદ્યાર્થીઓને ડિજિટલ સાક્ષરતા, સાયબર સુરક્ષા અને જવાબદાર ટેક્નોલોજી ઉપયોગ અંગે માર્ગદર્શન આપવું જરૂરી છે. શિક્ષકો અને માતા-પિતા વચ્ચે સતત સંવાદ રહે તો બાળકોમાં ડિજિટલ શિસ્ત વિકસાવવામાં વધુ સફળતા મળી શકે છે. ઉપરાંત, આઉટડોર રમતો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને વાંચનની ટેવને પ્રોત્સાહન આપવાથી બાળકોનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. ઉચ્ચ શિક્ષણ અને વ્યવસાયિક ક્ષેત્રમાં સ્માર્ટફોન એક અત્યંત ઉપયોગી સાધન છે. ઓનલાઈન અભ્યાસ, ડિજિટલ પુસ્તકો, સંશોધન, ઈ-લર્નિંગ, વર્ચ્યુઅલ મીટિંગ અને નવી માહિતી મેળવવામાં તેનો મહત્વનો ફાળો છે. પરંતુ તેનો ઉપયોગ માત્ર જરૂરી કાર્યો સુધી મર્યાદિત રાખવો જોઈએ. સમયનું યોગ્ય આયોજન, સ્વઅનુશાસન અને ટેક્નોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે અત્યંત જરૂરી છે. સ્માર્ટફોનનો સંપૂર્ણ ત્યાગ શક્ય નથી અને તેની જરૂર પણ નથી. જરૂર છે તેના સંતુલિત, જવાબદાર અને સમજદારીપૂર્વકના ઉપયોગની. પરિવારમાં મોબાઈલ-મુક્ત સમય નક્કી કરવો, આઉટડોર રમતોને પ્રોત્સાહન આપવું, વાંચનની ટેવ વિકસાવવી અને સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવડાવવો જોઈએ. ટેક્નોલોજી માનવજીવનને નિયંત્રિત કરે તેના બદલે માનવ ટેક્નોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે, તે જ સાચો વિકાસ છે. નિષ્કર્ષરૂપે કહી શકાય કે સ્માર્ટફોન આધુનિક જીવનની અમૂલ્ય ભેટ છે, પરંતુ તેનો અતિરેક ઉપયોગ વ્યક્તિ, પરિવાર અને સમગ્ર સમાજ માટે ગંભીર પડકાર બની રહ્યો છે. ખાસ કરીને બાળકો અને યુવાનોમાં વધતું ડિજિટલ વ્યસન સમયસર નિયંત્રિત ન કરવામાં આવે તો તેના લાંબા ગાળાના ગંભીર પરિણામો સામે આવી શકે છે. તેથી ટેક્નોલોજીને જીવનનો સહાયક બનાવવો જોઈએ, જીવનનો માલિક નહી. સંતુલિત ઉપયોગ, પરિવારનો સાથ, યોગ્ય માર્ગદર્શન, ડિજિટલ શિસ્ત અને સ્વઅનુશાસન દ્વારા જ સ્માર્ટફોનના લાભો મેળવી તેની હાનિકારક અસરોને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે. સાચા અર્થમાં આધુનિક અને પ્રગતિશીલ સમાજ તે જ કહેવાય જ્યાં ટેક્નોલોજી અને માનવીય મૂલ્યો વચ્ચે યોગ્ય સંતુલન જળવાઈ રહે.

**યુવાનો, બાળકો અને પરિવારના જીવન પર આજે નિવારી ન શકાય તેવો ટેકનોલોજીનો પ્રભાવ પડી રહ્યો છે. સ્માર્ટફોન થી જીવન સરળ બન્યું હોય તેવું લાગે છે. પરંતુ હવે સમજાય છે કે આ ટેકનોલોજીને કારણે અનેક પ્રકારના સામાજિક અને માનસિક વિપરીત અસર પાડી રહ્યા છે આ એક એવી જટિલ સમસ્યા છે જેનો ઉકેલ કોઈને જડતો નથી સમસ્યા દિવસે દિવસે વકરી રહી છે.**

## શબ્દ સંજોગ-૨૨૨૪



**આડી ચાવી :**
(૧) વિદ્યાર્થી (૨)
(૨) સરોવર, તળાવ (૩)
(૫) મહાનાશ, જુલમ (૨)
(૬) આવનજાવન (૬)
(૮) એક જાતનો મોગરો (૨)
(૧૦) જોશથી વાતો પવન અને વાદળ (૪)
(૧૧) બાણનું ફળ (૩)
(૧૫) સાટે, બદલે (૪)
(૧૬) એક ઝાડ (૩)
(૧૮) અળખામણુ, અણમાનીતુ (૩)
(૨૦) ઉત્તરપ્રદેશનું એક શહેર (૩)
(૨૧) મીણબત્તી (૨)
(૨૩) સ્ત્રીઓનું રેશમી વસ્ત્ર (અ) (૨)
(૨૪) દીવાલ (અંગ્રેજી)માં (અ) (૨)
(૨૫) બાયલુ, ઢીલુ (૨)
(૨૯) સુંદર, સારુ (૧)
(૩૦) દોરાની લટ (૨)
(૩૧) લસલસતુ હોય એમ (૪)

**ઉભી ચાવી :**
(૧) આછકલુ, હલકુ (૩)
(૨) યુક્તિ, કાવો (૨)
(૩) સારી ફળદ્રુપ જમીન (૩)
(૪) દેશી રાજય (૪)
(૫) ભારતનું એક રાજય (૩)
(૭) કૃષ્ણપક્ષ (૨)
(૯) કીમતી લૂંગડાનો ગાંસડો (૩)
(૧૨) સંદેશો લાવનાર માણસ (૩)
(૧૩) શ્રી કૃષ્ણ (૪)
(૧૪) કાઠિયાવાડનો એક ભાગ (૩)
(૧૫) ફિરસ્તો (૩)
(૧૬) ભરેલુ, જોડાયેલુ (૩)
(૧૭) નાની કાચી કેરી (૩)
(૧૯) દોડતા દોડતા એકદમ પાછુ ફરવુ તે (૨)
(૨૨) એક પ્રકારનો રથ (૨)
(૨૬) સ્વભાવ, વર્તણુક (૨)
(૨૭) વસિયનામુ (૨)
(૨૮) ખેડવાથી પડતો લાંબો આંકો (૨)

## શબ્દ સંજોગ-૨૨૨૩ જવાબ

**આડી ચાવી:** (૧) નિહંતા (૩) વાસુકિ (૬) જિવાળી (૭) મોભણ (૯) જબર (૧૧) મનોગતિ (૧૨) સૌરભ (૧૩) સરભર (૧૪) મહેરો (૧૭) રણ (૧૯) મહત (૨૧) આવયની (૨૩) ટફન (૨૫) જ્ઞાતિ (૨૬) વાંક (૨૭) નાયક (૨૮) જ્ઞપ્તિ **ઉભી ચાવી:** (૧) નિસ્તેજ (૨) તાજિર (૩) વાળી (૪) કિમોનો (૫) ગણતર (૮) ભગ (૧૦) બહારણ (૧૧) મભમ (૧૨) સૌર (૧૩) સરપટ (૧૫) હેમ (૧૬) રોહ (૧૮) ઉપજ્ઞા (૨૦) તરકસ (૨૧) આનય (૨૨) નીતિજ્ઞ (૨૪) ફના.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૫૦ | ૧૮૭૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૬૩૮ |
| જુવાર સફેદ | ૧૦૪૦ | ૧૧૨૫ |
| જુવાર લાલ | ૧૦૨૧ | ૧૧૬૦ |
| જુવાર પીળી | ૪૪૦ | ૫૨૦ |
| બાજરી | ૩૫૨ | ૫૦૮ |
| મકાઇ | ૩૭૦ | ૪૮૬ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૩૦ |
| ચણા પીળા | ૧૧૧૦ | ૧૧૮૦ |
| ચણા સફેદ | ૧૧૫૦ | ૧૮૦૦ |
| અડદ | ૧૪૨૫ | ૧૮૦૮ |
| મગ | ૧૧૮૦ | ૧૭૦૦ |
| વાલ દેશી | ૫૨૦ | ૧૦૭૭ |
| ચોળી | ૧૦૭૦ | ૧૬૮૦ |
| વટાણા | ૭૦૦ | ૧૧૦૦ |
| કળથી | ૩૭૫ | ૫૨૫ |
| રાજમા | ૧૦૦૦ | ૧૯૪૦ |
| સીંગદાણા | ૧૭૪૦ | ૧૮૭૫ |
| મગફળી જાડી | ૧૧૨૫ | ૧૫૫૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૪૭૫ |
| તલી | ૧૯૦૦ | ૨૫૫૦ |
| સુરજમુખી | ૧૦૧૦ | ૧૦૧૦ |
| એરંડા | ૧૨૨૦ | ૧૩૮૬ |
| અજમો | ૨૫૦૦ | ૩૦૯૫ |
| સુવા | ૧૨૫૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૨૯૫ |
| સીંગફાડા | ૧૩૫૦ | ૧૬૩૫ |
| કાળા તલ | ૨૩૭૫ | ૩૭૭૫ |
| લસણ | ૧૧૧૦ | ૨૫૨૫ |
| ધાણા | ૧૫૭૫ | ૨૯૫૧ |
| ધાણી | ૨૪૦૧ | ૩૧૧૫ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૬૫૦ |
| જીરૂ | ૩૫૦૧ | ૪૧૦૦ |
| રાય | ૧૪૫૦ | ૧૬૭૫ |
| મેથી | ૯૦૫ | ૧૬૧૫ |
| અશેરીયો | ૧૧૧૧ | ૧૧૧૧ |
| કલોંજી | ૩૨૫૦ | ૩૫૧૫ |
| રાયડો | ૧૨૨૦ | ૧૪૩૦ |
| રજકાનું બી | ૭૫૦૦ | ૧૦૨૦૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૨૫ |

| રાજકોટ (શાકભાજી) | | |
|---|---|---|
| કેરી કાચી | ૪૧૧ | ૬૨૫ |
| લીંબુ | ૭૨૧ | ૧૩૯૫ |
| પપૈયા | ૧૧૫ | ૨૪૦ |
| બટેટા | ૮૨ | ૨૮૯ |
| ડુંગળી સુકી | ૨૨૦ | ૫૫૦ |
| ટમેટા | ૪૯૫ | ૭૦૨ |
| સુરણ | ૮૨૩ | ૧૦૧૧ |
| કોથમરી | ૭૯૧ | ૧૫૨૪ |
| રીંગણા | ૧૬૪ | ૩૫૩ |
| કોબીજ | ૨૦૪ | ૪૭૭ |
| ફ્લાવર | ૪૨૪ | ૬૦૭ |
| ભીંડો | ૪૧૧ | ૬૫૪ |
| ગુવાર | ૬૮૮ | ૧૪૪૨ |
| ચોળાસીંગ | ૬૬૮ | ૧૩૭૮ |
| ટીંડોળા | ૩૧૮ | ૭૬૬ |
| દુધી | ૩૦૨ | ૫૧૧ |
| કારેલા | ૩૭૬ | ૭૨૧ |
| સરગવો | ૫૨૪ | ૧૦૧૨ |
| તુરીયા | ૫૧૯ | ૭૭૬ |
| પરવર | ૪૦૮ | ૬૨૨ |
| કાકડી | ૩૪૧ | ૮૫૪ |
| ગાજર | ૨૨૪ | ૪૪૫ |
| વટાણા | ૧૮૩૨ | ૨૪૪૧ |
| ગલકા | ૨૫૬ | ૪૬૮ |
| બીટ | ૩૧૨ | ૫૨૨ |
| મેથી | ૧૫૧૫ | ૨૦૧૨ |
| ડુંગળી લીલી | ૧૨૨૫ | ૧૪૨૮ |
| આદુ | ૨૦૨૮ | ૨૪૪૩ |
| મરચા લીલા | ૭૨૪ | ૯૩૧ |
| મકાઇ લીલી | ૨૧૮ | ૪૩૬ |

| ગોંડલ | | |
|---|---|---|
| કપાસ | ૧૧૨૧ | ૧૮૪૧ |
| મગફળી જીણી | ૧૧૫૧ | ૧૭૪૧ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૭૩૧ |
| એરંડા / એરંડી | ૧૧૪૧ | ૧૪૦૧ |
| જીરૂ | ૨૪૦૧ | ૪૨૨૧ |
| ક્લંજી | ૧૩૦૧ | ૩૪૯૧ |
| વરીયાળી | ૮૫૧ | ૧૩૨૬ |
| ધાણા | ૨૦૦૧ | ૩૧૩૧ |
| લસણ સુકું | ૧૦૭૧ | ૨૨૦૧ |
| ડુંગળી લાલ | ૧૭૧ | ૫૫૧ |
| અડદ | ૫૦૦ | ૧૭૭૧ |
| મઠ | ૩૨૬ | ૩૨૬ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૮૧ |
| રાયડો | ૧૨૬૧ | ૧૩૫૧ |
| રાય | ૧૫૮૧ | ૧૫૮૧ |
| મેથી | ૧૧૧૧ | ૧૪૧૧ |
| કાંગ | ૪૭૧ | ૬૬૧ |
| મગફળી જાડી | ૧૧૦૧ | ૧૬૨૬ |
| સફેદ ચણા | ૧૦૯૧ | ૧૮૦૧ |
| ઇસબગુલ | ૧૮૬૧ | ૨૧૯૧ |
| ધાણી | ૨૨૨૬ | ૩૨૬૧ |
| બાજરો | ૨૭૧ | ૩૭૧ |
| જુવાર | ૫૦૦ | ૧૧૪૧ |
| મકાઇ | ૪૧૧ | ૪૪૧ |
| મગ | ૧૦૦૦ | ૧૭૭૧ |
| ચણા | ૧૦૨૧ | ૧૧૭૧ |
| વાલ | ૩૬૧ | ૧૧૦૧ |
| વાલ પાપડી | ૧૨૭૬ | ૧૨૭૬ |
| ચોળા / ચોળી | ૪૦૧ | ૧૪૨૧ |
| સોયાબીન | ૧૨૩૧ | ૧૬૬૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૩૧૧ |
| વટાણા | ૨૭૧ | ૯૧૧ |

| ગોંડલ (શાકભાજી) | | |
|---|---|---|
| ટમેટા | ૩૦૦ | ૭૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૮૦ | ૫૦૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૨૦૦ |
| રીંગણા | ૨૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૩૦૦ |
| ગલકા | ૧૮૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૨૦૦ |
| કેરી કાચી | ૬૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૪ | ૬ |
| ચ્રૂણ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૫ |
| બીટ પુરા | ૧૦ | ૨૫ |
| સરગવો પુરા | ૨૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૮૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૨૬૦૦ | ૩૮૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૭ |

| અમરેલી | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૧૧૦ | ૧૫૧૦ |
| શિંગદાણા | ૧૫૯૫ | ૨૦૮૫ |
| શિંગદાણા ફાડા | ૧૦૬૫ | ૧૭૩૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૬૫૦ |
| તલ કાળા | ૨૨૩૦ | ૪૦૭૦ |
| તલ કાશમીરી | ૧૫૦૦ | ૨૩૯૫ |
| બાજરો | ૪૭૫ | ૪૭૫ |
| જુવાર | ૪૭૫ | ૧૧૦૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૪૫ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૧૫ |
| મગ | ૧૧૬૦ | ૧૬૭૦ |
| અડદ | ૭૪૦ | ૧૫૩૫ |
| ચણા | ૯૭૫ | ૧૧૫૫ |
| ચણા દેશી | ૧૦૫૫ | ૧૦૯૫ |
| સફેદ ચણા | ૧૦૭૦ | ૧૦૯૦ |
| તુવેર | ૮૦૦ | ૧૪૨૫ |
| કપાસ | ૧૦૫૦ | ૧૯૪૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૬૦ |
| જીરૂ | ૩૬૨૦ | ૩૯૪૫ |
| રાય | ૧૦૦૦ | ૧૫૮૫ |
| ગમ ગુવાર | ૯૦૫ | ૯૦૫ |
| ધાણી | ૨૨૦૦ | ૨૮૬૫ |
| અજમા | ૧૫૪૦ | ૧૫૪૦ |
| મેથી | ૧૦૩૦ | ૧૩૪૫ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૪૫૫ |
| રજકાનું બી | ૨૦૦૦ | ૭૪૦૦ |

| અમરેલી (શાકભાજી) | | |
|---|---|---|
| બટેટા | ૧૬૦ | ૨૭૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૫૦ | ૪૫૦ |
| શકકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૮૦૦ | ૮૫૦ |
| સુરણ | ૮૩૦ | ૯૩૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૧૦ | ૨૬૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૨૫૦ | ૪૦૦ |
| કાકડી | ૫૦૦ | ૭૮૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૨૦ |
| વટાણા | ૩૦૦૦ | ૩૧૦૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૩૪૦૦ | ૩૬૦૦ |
| કોથમીર | ૮૫૦ | ૧૨૨૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ફોદીનો | ૪૩૦ | ૫૩૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૩૦ |
| બીટ | ૩૯૦ | ૪૯૦ |
| સરગવો | ૮૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૬૦૦ |
| લસણ સુકું | ૨૦૦૦ | ૨૪૦૦ |
| પાલક | ૬૩૦ | ૭૨૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૮૦ |

| સાવરકુંડલા | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૨૦ | ૧૪૯૨ |
| શીંગ દાણા | ૧૬૫૦ | ૨૨૦૧ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૫૭૦ |
| તલ કાળા | ૩૦૫૦ | ૩૮૨૫ |
| જીરૂ | ૩૪૫૧ | ૪૧૦૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૬૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૩૦ |
| બાજરો | ૪૫૦ | ૫૮૫ |
| જુવાર | ૮૦૦ | ૧૧૦૦ |
| મગ | ૧૪૦૦ | ૧૬૮૦ |
| અડદ | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૫૨ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૯૦ |
| એરંડી | ૧૩૦૦ | ૧૩૫૦ |
| રાય/રાયડો | --- | ૧૬૦૦ |
| ધાણા | ૨૯૦૦ | ૩૧૦૦ |

| ધારી | | |
|---|---|---|
| મગફળી | ૯૩૦ | ૧૨૬૫ |
| ઘઉં લોકવન | ૪૩૧ | ૪૭૫ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૩૯ |
| તુવેર | ૧૧૦૦ | ૧૩૨૦ |
| ધાણા | ૧૭૦૦ | ૩૦૦૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૪૬૦ |
| તલ કાળા | ૨૫૬૦ | ૨૯૬૦ |
| શીંગ દાણા | ૧૩૫૦ | ૨૦૦૦ |
| શીંગ ફાડા | ૧૫૨૫ | ૧૫૪૦ |

| બગસરા | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| મગફળી | ૮૦૦ | ૧૧૨૫ |
| ઘઉ લોકવન | ૪૪૪ | ૫૦૦ |
| મેથી | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ઘઉ ટુકડા | ૪૭૪ | ૫૪૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૩૧ |
| બાજરો | ૩૧૧ | ૩૧૧ |
| ધાણા | ૧૫૦૦ | ૨૫૧૧ |
| કલોંજી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૭૭૦ | ૭૭૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૫૧ |
| તલ સફેદ | ૨૩૪૫ | ૨૪૯૫ |
| એરંડી | ૧૨૩૦ | ૧૨૩૦ |
| લશણ | ૯૬૦ | ૧૨૦૦ |
| મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| તલ કાળા | ૧૭૫૦ | ૩૩૪૦ |

| ભેંસાણ | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૮૬૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૯૧ |
| મગ | ૧૦૧૧ | ૧૦૧૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૨૬ |
| વાલ | ૬૨૧ | ૬૨૧ |
| તુવેર | ૭૦૧ | ૧૩૫૬ |
| મગફળી | ૮૦૧ | ૧૧૪૬ |
| શિંગદાણા | ૧૫૦૧ | ૧૮૪૧ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૦૧ |
| તલ સફેદ | ૧૩૦૧ | ૨૫૪૬ |
| તલ કાળા | ૧૭૦૧ | ૩૫૨૧ |
| મેથી | ૭૫૧ | ૧૨૪૬ |
| ધાણા | ૧૫૦૧ | ૨૯૫૬ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૧૬ |

| કોડીનાર | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૬૦ | ૧૩૪૨ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૧૦ |
| ઘઉં | ૪૨૫ | ૫૭૬ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૨૦ |
| જુવાર | ૯૫૦ | ૧૧૦૪ |
| ચોળી | ૯૦૦ | ૧૭૨૬ |
| અડદ | ૧૭૫૦ | ૧૮૨૭ |
| મગ | ૧૨૫૦ | ૧૮૪૬ |
| ચણા | ૧૦૨૫ | ૧૧૮૦ |
| સફેદ તલ | ૨૧૦૦ | ૨૬૩૪ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૭૭૬ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૩૯૮ |
| સીંગદાણા | ૧૬૧૧ | ૨૨૭૦ |

| જામનગર | | |
|---|---|---|
| જુવાર | ૧૦૪૦ | ૧૧૦૦ |
| બાજરો | ૩૦૦ | ૩૩૫ |
| ઘઉં | ૩૫૦ | ૫૩૫ |
| મગ | ૧૪૫૦ | ૧૮૩૦ |
| અડદ | ૭૦૦ | ૭૫૦ |
| તુવેર | ૭૦૫ | ૧૩૬૦ |
| ચોળી | ૧૦૪૦ | ૧૨૮૫ |
| ચણા | ૮૦૦ | ૧૧૬૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૨૫ |
| મગફળી જાડી | ૧૦૫૦ | ૧૪૭૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૩૪૧ |
| તલ | ૧૪૫૦ | ૨૫૭૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૩૮૨૦ |
| રાયડો | ૧૧૦૦ | ૧૩૬૫ |
| રાઈ | ૧૪૦૦ | ૧૬૩૫ |
| લસણ | ૮૦૦ | ૨૨૬૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૨૫ |
| અજમો | ૨૧૦૦ | ૩૪૩૦ |
| અજમાની ભૂસી | ૪૦ | ૨૭૦૦ |
| ધાણા | ૨૧૭૦ | ૨૯૮૫ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૫૦૦ |
| સીંગદાણા | ૧૩૦૦ | ૧૮૮૦ |
| વટાણા | ૬૦૦ | ૮૩૫ |
| કલોંજી | ૮૦૦ | ૩૫૨૫ |

| રાજુલા | | |
|---|---|---|
| શીંગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૧૪૫ | ૨૪૭૬ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૬૮૦ |
| કપાસ | ૧૧૨૫ | ૧૭૦૦ |
| બાજરો | ૪૦૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૨૭ |
| જુવાર | ૬૨૬ | ૧૧૭૮ |
| મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| મગ | ૧૫૧૫ | ૧૬૬૧ |
| અડદ | ૧૨૦૦ | ૧૭૮૦ |
| ચણા | ૫૪૦ | ૧૧૩૫ |
| સોયાબીન | ૧૩૨૫ | ૧૩૨૫ |
| શીગદાણા | ૧૭૭૦ | ૧૭૭૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી પટેલની અધ્યક્ષતામાં કેબીનેટની બેઠક મળી

ગાંધીનગર,તા.૦૧

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં રાજ્યના હિત માટે કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠકમાં આરોગ્ય વિભાગ દ્વારા શરૂ કરાયેલી સ્વચ્છતા અભિયાનની પહેલને મુખ્યમંત્રીએ બિરદાવી હતી અને તમામ સરકારી વિભાગોને તબક્કાવાર રીતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવા સૂચના આપી છે. મુખ્યમંત્રીએ અપીલ કરી છે કે દર મહિનાના પ્રથમ રવિવારે તમામ જનપ્રતિનિધિઓ, ધારાસભ્યો અને સેવાભાવી સંસ્થાઓ એટલે કે એનજીઓ આ સ્વચ્છતા અભિયાનમાં સક્રિયપણે જોડાય. આગામી સમયમાં કૃષિ વિભાગ પણ પોતાની તમામ કચેરીઓમાં આ અભિયાન શરૂ કરશે.આ ઉપરાંત બેઠકમાં તાજેતરમાં સફળતાપૂર્વક પૂર્ણ થયેલા શાળા પ્રવેશોત્સવની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, જેમાં ત્રણ દિવસ દરમિયાન કુલ ૩૭,૨૧૧ શાળાઓને આવરી લેવામાં આવી હતી.




કૃષિ ક્ષેત્રે પણ એક મોટો નિર્ણય લેવાયો છે, જે મુજબ આગામી ૭ જુલાઈથી મગની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે. સાથોસાથ પ્રાકૃતિક ખેતીને જન આંદોલન બનાવવાના હેતુથી હવે પ્રાકૃતિક ખેતીના વિશેષ અભ્યાસક્રમને બી.એસસી. એગ્રીકલ્ચરની સમકક્ષ ગણવાનો મહત્વનો નિર્ણય લેવાયો છે, જેથી વિદ્યાર્થીઓ આ ક્ષેત્ર તરફ વધુ આકર્ષાય.

# ગુજરાત સરકારે બાળકો માટે 'હેલ્થ પાસપોર્ટ'ની શરૂઆત કરી

ગાંધીનગર,તા.૦૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સ્વસ્થ ભારત'ના વિઝનને સાકાર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે બાળકો માટે 'હેલ્થ પાસપોર્ટ' યોજના શરૂ કરી છે. ૨૭ જૂન, ૨૦૨૬ના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા આ રાજ્યવ્યાપી કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. સ્કૂલ હેલ્થ – રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ હવે રાજ્યના જન્મથી ૧૮ વર્ષ સુધીના અંદાજે ૧.૮૯ કરોડ બાળકોને આ પાસપોર્ટ મળશે.આ કોઈ સામાન્ય કાર્ડ નથી, પરંતુ બાળકના જન્મથી કિશોરાવસ્થા સુધીની સંપૂર્ણ મેડિકલ હિસ્ટ્રી, જન્મજાત ખામીઓ, બીમારીઓ અને પોષણ સ્તર દર્શાવતો પ્રમાણભૂત દસ્તાવેજ છે.



વાલીઓએ આ માટે કોઈ વધારાના દસ્તાવેજો આપવાના રહેશે નહીં. શાળા, આંગણવાડી કે ગુરુકુલમાં હેલ્થ સ્ક્રીનિંગ બાદ સ્થળ પર જ આ પાસપોર્ટ અપાશે, જે ડિજિટલ ઈન્ટિગ્રેશન સાથે પણ સંકલિત રહેશે.

૫ વર્ષ સુધીના બાળકો માટે મેડિકલ ઓફિસર અને વિદ્યાર્થીઓ માટે શાળાના પ્રિન્સિપાલ આ કાર્ડ દર વર્ષે રિન્યૂ કરશે.

# મુખ્યમંત્રીના હસ્તે ગીર સોમનાથ શિક્ષણાધિકારીને મંજૂરીપત્ર એનાયત

ઉના,તા.૦૧

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણનો વ્યાપ વધારવા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સમગ્ર રાજ્યમાં ૨૦૦ નવી શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. જેમાં ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના પસવાડા, માણેકપુર, કાળાપાણ, ખત્રીવાડા, એલમપુર અને વાંસોજ ગામમાં કુલ ૬ નવી કમ્પોઝીટ શાળાઓને મંજૂરી મળી છે. આ નવી શાળાઓ શરૂ થતા ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ માટે દૂર જવાની જરૂર ઓછી થશે અને શિક્ષણની ગુણવત્તામાં પણ વધારો થશે. ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે જિલ્લા શિક્ષણાધિકારી એમ.પી. બોરીચાને મંજૂરી પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં રાજ્યના ઉચ્ચ અધિકારીઓ અને મંત્રીઓ પણ હાજર રહ્યા હતા.

# રાજકોટમાં શ્રી ભોજલરામ ઉત્કર્ષ ભવન આયોજિત સર્વ રોગ નિદાન કેમ્પનો ૭૦૦થી વધુ લોકોએ લીધો લાભ

રાજકોટ,તા.૦૧

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત 'ભોજલરામ ઉત્કર્ષ ભવન' દ્વારા રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા ભવન ખાતે રવિવારે નિ:શુલ્ક 'સર્વ રોગ નિદાન કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું. ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલના માર્ગદર્શન અને પ્રેરક ઉપસ્થિતિમાં આ કેમ્પને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે



નરેશભાઈ પટેલ અને ઉપસ્થિત નિષ્ણાત તબીબોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. નરેશભાઈ પટેલે આરોગ્યની સંભાળ અને રોગોના પ્રિવેન્શન પર ભાર મૂકી સૌના નિરોગી સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી.કેમ્પમાં હૃદય રોગ, કેન્સર, હાડકા અને આંખ સહિતના વિવિધ રોગોના નામાંકિત ડોક્ટરોએ સેવા આપી હતી. જેમાં મોઢાના કેન્સરની ખાસ તપાસ, વિવિધ બ્લડ રિપોર્ટ અને આંખના દર્દીઓને ચશ્માનું નિ:શુલ્ક વિતરણ કરાયું હતું. સવારે ૮:૩૦ થી બપોરે ૧ વાગ્યા સુધી ચાલેલા આ કેમ્પનો ૭૦૦થી વધુ જરૂરિયાતમંદ દર્દીઓએ લાભ લીધો હતો.

# ગીરગઢડાની નગડિયા શાળામાં ૪૯ વિદ્યાર્થીઓનો અભ્યાસ બહિષ્કાર

ઉના,તા.૦૧

ગીરગઢડા તાલુકાની નગડિયા પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજનમાં નબળી ગુણવત્તાનું અનાજ પીરસાતું હોવાના આક્ષેપ બાદ ૪૯ વિદ્યાર્થીઓએ અભ્યાસનો બહિષ્કાર કર્યો છે. વાલીઓએ જવાબદારો સામે કાર્યવાહી ન થાય ત્યાં સુધી બાળકોને શાળાએ ન મોકલવાનો નિર્ણય લીધો છે. આજે શાળામાં એકપણ વિદ્યાર્થી હાજર રહ્યો ન હતો અને માત્ર શિક્ષકો ફરજ પર હાજર રહ્યા હતા. તાલુકા પંચાયતના મહિલા સદસ્યના પ્રતિનિધિ હરેશભાઈ બલદાણીયાએ જિલ્લા કક્ષાએ રજૂઆત કરી હતી. તેમણે પશુઓ પણ ન ખાય તેવું અનાજ આપવામાં આવતું હોવાનો આક્ષેપ કર્યો હતો. સાથે જ મધ્યાહન ભોજનના માસિક બિલમાંથી ૧૫ ટકા રકમ મામલતદાર કચેરીમાં લેવામાં આવતી હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. ભોજન સંચાલકે પણ આ દાવાને સમર્થન આપતા સમગ્ર મામલે તપાસ અને કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

# કેન્સર સર્જરી હવે વધુ સચોટ અને આરામદાયક: રોબોટિક સર્જરી બદલશે સારવારનું ભવિષ્ય

અમદાવાદ, તા. ૦૧

કેન્સરની સારવારમાં રોબોટિક સર્જરી આશાનું નવું કિરણ બની રહી છે. આ અત્યાધુનિક ટેક્નોલોજીની મદદથી કેન્સર સર્જન્સ વધુ ચોકસાઈથી ઓપરેશન કરી શકે છે, જેના કારણે દર્દીઓને વધુ પીડા થતી નથી, રક્તસ્ત્રાવ ઘટે છે અને ચેપનું જોખમ પણ ઓછું રહે છે. આ ઉપરાંત દર્દીઓનો



હોસ્પિટલમાં રહેવાનો સમય ઘટે છે અને તેઓ ઝડપથી સ્વસ્થ થઈને ફરીથી સામાન્ય જીવન જીવી શકે છે. આ અંગે સ્ટર્લિંગ હોસ્પિટલના સિનિયર ઓન્કો સર્જન ડો. નીતિન સિંઘલે જણાવ્યું હતું કે, રોબોટિક સર્જરીને કારણે કેન્સરની સારવાર વધુ સુરક્ષિત, અસરકારક અને આરામદાયક બની રહી છે.

કેન્સરની સારવારમાં આ ટેક્નોલોજી દર્દીઓ માટે વધુ સારા પરિણામો અને જીવનની ગુણવત્તા સુધારવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. ડો. સિંઘલના મત મુજબ, તેમણે અત્યાર સુધીમાં ૧૨૦ જેટલી રોબોટિક સર્જરી કરી છે અને તેમાં સફળતાનો દર ૯૯ ટકા જોવા મળ્યો છે.

# ઉના તાલુકાના કાજરડી ગામે સાત મહિનાથી ગુમ આધેડનો કંકાલ અવાવરૂ કૂવામાંથી મળતા ચકચાર

ઉના,તા.૦૧

ઉના તાલુકાના કાજરડી ગામમાં હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. છેલ્લા સાત મહિનાથી ગુમ થયેલા ૫૫ વર્ષીય જીણાભાઈ કાળાભાઈ સોલંકીનો કંકાલ તેમની જ વાડી નજીક આવેલા ૧૫ ફૂટ ઊંડા અવાવરૂ અને પાણી વગરના કૂવામાંથી મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. જીણાભાઈ ૧૧ ડિસેમ્બર



તસવીર : કૈલેશ ભટ્ટ

૨૦૨૫ના રોજ અચાનક ગુમ થયા હતા. પરિવારજનોએ ઉના, દીવ, બગદાણા, જૂનાગઢ સહિત અનેક સ્થળોએ તેમની શોધખોળ કરી હતી, પરંતુ કોઈ માહિતી મળી નહોતી. બાદમાં ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ઉના પોલીસમાં ગુમસુધાની અરજી કરવામાં આવી હતી. આજે કૂવામાંથી દુર્ગંધ આવતાં ગામલોકોએ તપાસ કરતા હાડપિંજર જોવા મળ્યું હતું. લાંબો સમય વીતી જતાં મૃતદેહ સંપૂર્ણપણે કોહવાઈ ગયો હતો. ગામના આગેવાનો અને સગા-સંબંધીઓએ કંકાલને બહાર કાઢી હોસ્પિટલ ખસેડ્યો હતો. ઘરની આટલી નજીકથી મૃતદેહ મળતાં સમગ્ર ઘટનાને લઈને અનેક સવાલો ઊભા થયા છે.

# રોટરી ક્લબ ઓફ સુરત મેટ્રો દ્વારા સુરતમાં બી.એલ. રાજપરા અને તુષારભાઈ વિરડીયાનું સન્માન કરાયું

સુરત,તા.૦૧

સુરતના "જમનાબા વિદ્યાર્થી ભવન" ઓડિટોરિયમ હોલમાં ટીબી સ્થિત નિર્દોષાનંદજી હોસ્પિટલની સહયોગી સંસ્થા "રોટરી ક્લબ ઓફ સુરત મેટ્રો" દ્વારા 'સેવા સિધ્ધિ અને ચિરંતન' શીર્ષક હેઠળ એવોર્ડ વિતરણ અને પદગ્રહણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે હોસ્પિટલના સ્થાપક ટ્રસ્ટી બી.એલ. રાજપરા અને ટ્રસ્ટી તુષારભાઈ વિરડીયા (CA) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સુરત રોટરી પ્રેસિડેન્ટ રવિભાઈ સવાણી અને C.F. ચેરપર્સન ઘનશ્યામભાઈ ખૂંટ દ્વારા બંને ટ્રસ્ટીઓનું સન્માનપત્ર અને પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ટ્રસ્ટી રાજપરાએ પોતાના વક્તવ્યમાં રોટરી ટીબી સેવા ટ્રસ્ટની વિવિધ સેવાકીય



પ્રવૃત્તિઓ અને નિર્દોષાનંદજી હોસ્પિટલ દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓ માટે નિ:શુલ્ક આરોગ્યલક્ષી વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

# ગોંડલ પંથકના સીમ વિસ્તારમાં વીજકરંટથી ૩૫થી વધુ ઘેટાના મોત

ગોંડલ,તા.૦૧

ગોંડલના સાજડિયાળી અને મોટા સખપર સીમ વિસ્તારમાં જેટકોના ૬૬ કે.વી. સબ સ્ટેશનની બહાર ખુલ્લા અર્થિંગ વાયર અને લોખંડની પ્લેટમાં કરંટ ઉતરતા ૩૫થી વધુ ઘેટાંના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યા હતા, જ્યારે ૭ જેટલા ઘેટાં ઈજાગ્રસ્ત થયા હતા. માલધારી હરેશભાઈ આજરાના જણાવ્યા મુજબ કુલ ૪૭ ઘેટાંને નુકસાન પહોંચ્યું છે. ઘટનાની જાણ થતા પોલીસ, પશુચિકિત્સક, એફએસએલ અને પીજીવીસીએલના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. પીજીવીસીએલે સમગ્ર મામલે તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે અગાઉ અનેક રજૂઆતો છતાં તંત્રએ કોઈ પગલા લીધા નહોતા. યોગ્ય વળતર અને ન્યાય નહીં મળે ત્યાં સુધી મૃત ઘેટાં નહીં હટાવવાની માલધારીઓએ ચીમકી ઉચ્ચારી છે.

# કોડીનારમાં નગરપાલિકા દ્વારા કચરાના વૈજ્ઞાનિક નિકાલ અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો

કોડીનાર,તા.૦૧

ઘન કચરા વ્યવસ્થાપનના નવા નિયમો ૨૦૨૬ અને સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશો અંતર્ગત કોડીનારમાં નગરપાલિકા ખાતે પદાધિકારીઓ, સફાઈ કામદારો અને શહેરીજનો માટે યોજાયો એક દિવસીય ખાસ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. કચરાના વૈજ્ઞાનિક નિકાલ અને 'સ્વચ્છતા



સમીક્ષા કેન્દ્ર' (SSK) પોર્ટલ પર ડિજિટલ મોનિટરિંગ અંગે વિસ્તૃત માર્ગદર્શન પણ અપાયું હતું. પ્રાદેશિક કમિશ્નર નગરપાલિકાઓ (ભાવનગર ઝોન)ના માર્ગદર્શન હેઠળ આ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.


**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૮/૨૦૨૬ તા.૨૯/૦૬/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. હિંમતભાઈ બચુભાઈ સાવલીયા
રહે.છાપરી તા. સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી નેસડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી સોનલબેન હિંમતભાઈ સાવલીયાનો જન્મ તા.૧૧/૦૫/૧૯૮૯ ના રોજ મુ.નેસડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**



**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.153/2026
જન્મ તારીખ : 01/06/1976

ભુપતભાઈ માયાભાઈ વાળા,
રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ ............અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી
ગ્રામ પંચાયત, ડોળાસા, તા.કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ .........સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ભુપતભાઈ માયાભાઈ વાળા, રહે.ડોળાસા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી તથા ના પુત્ર જેસીંગભાઈ માયાભાઈ વાળાનો જન્મ તારીખ.01/06/1976ના રોજ કોડીનાર તાલુકાના ડોળાસા મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૫/૦૬/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**


# ધોરાજીમાં નકલી તમાકુ, પાનમસાલાનું ઉત્પાદન ઝડપાયુ

ધોરાજી,તા.૦૧

ધોરાજીમાં એક જાણીતી તમાકુ અને પાન મસાલાના ઉત્પાદન કરતી કંપનીના નામે ડુપ્લીકેટ તમાકુ અને પાન મસાલા બનાવતા હોવાની બાતમીના આધારે ધોરાજી પોલીસે દરોડો પાડી ૧,૩૬,૦૦૦ના મુદામાલ અને મશીનરી સાથે એક ઈસમ ને ઝડપી પાડ્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ તમાકુ અને પાન મસાલાની જાણીતી કંપની ના નામે ડુપ્લીકેટ તમાકુ અને પાન મસાલા તેમજ કંપનીના બનાવટી પાઉચમાં પેકિંગ કરી વેચાણ કરતા ધોરાજીના સદામ રઝાકભાઈ રાગરી જાતે મેમણ, રહે. દાણાવાલા ચોક, સીટી પ્લાઝા વાળાને પોલીસે ઝડપી પાડયો હતો.


**કોરોના કાળ સંકુલ સિદ્ધી**
ડેઈલી ઓનલાઈન ફૂલ ડે ટીચીંગ
સ્ટુડન્ટ્સને 25% ફી માફ
સ્ટાફને હપ્તે પગાર ચુક્તે
ચાર વર્ષ સુધી ફી વધારો નહી
ફી સિવાય અન્ય કોઈ ફી નહી
કાર્ય સિદ્ધી સૌને આભારી
સ્ટાફ સ્ટુડન્ટ્સને ખાસ આભારી
**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત**
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી-Ad 116



**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૦૯/૨૦૨૬ તા.૨૯/૦૬/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. જયંતીભાઈ વિઠલભાઈ સોની
રહે.વિજપડી તા. સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી વિજપડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી અમૃતાબેન જયંતીલાલ સોનીનો જન્મ તા.૩૦/૦૯/૧૯૮૯ ના રોજ મુ.વિજપડી, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૫/૦૮/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.


આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

# અયોધ્યાના રામ મંદિરમાં કુંભ મેળા દરમિયાન થઈ સૌથી વધુ દાનચોરી, પોલીસ તપાસમાં ચોંકાવનારા ખુલાસા



અયોધ્યા, તા.૦૧

અયોધ્યાના રામ મંદિરના પ્રસાદ અને દાનની રકમની ચોરી કેસમાં પોલીસ તપાસ દરમિયાન મહત્વના ખુલાસા થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, સૌથી વધુ ચોરીઓ કુંભ મેળા દરમિયાન થઈ હતી, જ્યારે મંદિરમાં દાન અને પ્રસાદનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું હતું. અત્યાર સુધીમાં આ કેસમાં આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ મળીને ચોરીનું કાવતરું ઘડ્યું હતું અને ચોરાયેલી રકમથી મિલકતો પણ ખરીદી હતી. પોલીસ આવકવેરા વિભાગની મદદથી આરોપીઓના નાણાકીય વ્યવહારોની તપાસ કરી રહી છે. દાનના હિસાબ માટે જવાબદાર એસબીઆઈના કેટલાક કર્મચારીઓની ભૂમિકા પણ શંકાના ઘેરામાં છે. સમગ્ર મામલે મેનેજમેન્ટ, સુરક્ષા અને બેંકિંગ વ્યવસ્થા સાથે સંકળાયેલા આશરે ૭૦ લોકોને નોટિસ પાઠવી પૂછપરછ શરૂ કરવામાં આવી છે. જેલમાં બંધ આરોપીઓની સતત પૂછપરછ ચાલી રહી છે અને નવા પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. પોલીસે જણાવ્યું છે કે તપાસના આધારે આગામી દિવસોમાં વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.


# ઉન્નાવ એક્સપ્રેસ-વે પર ભયાનક અકસ્માતઃ બસ-કાર અથડામણમાં બે બાળકી સહિત પાંચનાં મોત, ૧૨ ઘાયલ




ઉન્નાવ, તા.૦૧

ઉત્તર પ્રદેશના ઉન્નાવ જિલ્લાના બાંગરમાઉ પોલીસ મથક વિસ્તારમાં આગ્રા-લખનૌ એક્સપ્રેસ-વે પર બુધવારે વહેલી સવારે થયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં બે બાળકી, એક મહિલા સહિત પાંચ લોકોના મોત થયા હતા, જ્યારે ૧૨ મુસાફરો ઘાયલ થયા હતા. હરિયાણાથી બિહાર જઈ રહેલી ખાનગી સ્લીપર બસનો ચાલક ઝોકું ખાઈ જતાં બસનો કાબૂ ગુમાવી બેઠો હતો. બસ ડિવાઈડર પાર કરીને સામેથી આવી રહેલી એર્ટિગા કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી, ત્યારબાદ બસ ખાડામાં પલટી ગઈ હતી. અકસ્માતમાં કારમાં સવાર દિવ્યા (૬), અમૃતા (૧૩), અંજુ (૪૦), ધૂનમુન (૬૦) અને ચાલક વિનોદ (૪૫)ના ઘટનાસ્થળે જ મોત થયા હતા. તમામ મૃતકો સંત કબીર નગર જિલ્લાના એક જ પરિવારના હોવાનું સામે આવ્યું છે. ઘાયલ ૧૨ મુસાફરોને પ્રાથમિક સારવાર બાદ ઉન્નાવ જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જિલ્લા મેજિસ્ટ્રેટ, પોલીસ અધિક્ષક સહિતના અધિકારીઓ સ્થળે પહોંચ્યા હતા અને રાહત-બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. પોલીસે અકસ્માતનું કારણ અને અન્ય પાસાઓની તપાસ શરૂ કરી છે.


# જૂન મહિના બાદ જુલાઈ મહિનામાં પણ વરસાદ ઓછો પડશે : હવામાન વિભાગ



નવી દિલ્હી,તા.૦૧

જૂન મહિનામાં બહુ જ ઓછો વરસાદ પડયો છે, દુષ્કાળના ભણકારા વચ્ચે હવે જુલાઈ મહિનાને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. જુલાઈ મહિનામાં વરસાદ સામાન્ય કરતા ઓછો પડવાની ભીતિ છે. હવામાન વિભાગે કહ્યું છે કે જુલાઈ મહિનામાં લોંગ રેન્જ પીરિયડ સરેરાશ ૯૪ ટકાથી ઓછો વરસાદ થઈ શકે છે. જૂન મહિનામાં આશરે ૪૦ ટકા વરસાદની ઘટ જોવા મળી હતી જોકે જુલાઈ મહિનામાં આટલી મોટી ઘટ નહીં જોવા મળે તેવુ અનુમાન છે. સામાન્ય રીતે બમાં ચોમાસાનો સૌથી વધુ વરસાદ નોંધાતો હોય છે પરંતુ આ સીઝનમાં એવુ નહીં થાય જેને પગલે પાણીની અછતની ભીતિ પણ છે.

# મુંબઈમાં ધોધમાર વરસાદથી રસ્તાઓ જળમગ્ન બન્યા, લોકલ ટ્રેન-બસ સેવાઓ પણ ખોરવાઈ



મુંબઈ, તા.૦૧

મુંબઈમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન અનેક વિસ્તારોમાં ૧૦૦ મીમીથી વધુ વરસાદ નોંધાતા જનજીવન પર વ્યાપક અસર જોવા મળી હતી. ભારે વરસાદને કારણે અંધેરી સબવે સહિત અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો અને વહીવટીતંત્રે અનેક સ્થળોએ ટ્રાફિકને વૈકલ્પિક માર્ગો પર ડાયવર્ટ કર્યો હતો. બેસ્ટ બસ સેવા સામાન્ય રીતે ચાલુ રહી હતી, પરંતુ મધ્ય અને પશ્ચિમ રેલવેની લોકલ ટ્રેન સેવાઓ વિલંબથી દોડતાં હજારો મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. હાર્બર લાઈન પર ઓવરહેડ વાયર તૂટી જતાં સવારે લગભગ એક કલાક સુધી ટ્રેન વ્યવહાર પ્રભાવિત રહ્યો હતો. બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના જણાવ્યા અનુસાર, પૂર્વીય ઉપનગરોમાં સરેરાશ ૧૦૯ મીમી, પશ્ચિમી ઉપનગરોમાં ૮૭ મીમી અને ટાપુ શહેર વિસ્તારમાં ૮૬ મીમી વરસાદ નોંધાયો હતો. માનખુર્દમાં સૌથી વધુ ૧૭૦.૪ મીમી વરસાદ નોંધાયો હતો.

# 'જયથી વિજય'ના મંત્ર સાથે આગળ વધશે ભારતીય સેના : આર્મી ચીફ જનરલ ધીરજ સેઠ

નવીદિલ્હી, તા.૦૧

ભારતીય સેનાના ૩૧મા આર્મી ચીફ તરીકે પદભાર સંભાળ્યા બાદ જનરલ ધીરજ સેઠે જણાવ્યું કે ભારતીય સેના હવે 'જયથી વિજય'ના મંત્ર સાથે આગળ વધશે. તેમણે કહ્યું કે બદલાતા સુરક્ષા પડકારોને ધ્યાનમાં રાખીને સેનાને વધુ આધુનિક, ટેક્નોલોજી સક્ષમ અને ભવિષ્ય માટે સજ્જ બનાવવામાં આવશે.

જનરલ સેઠે સરહદોની સુરક્ષા, નવીનતા, ત્રિ-સેના વચ્ચે સંયુક્ત કામગીરી, સ્વદેશી સંરક્ષણ ટેક્નોલોજી અને જવાનોના કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા ગણાવી હતી. તેમણે શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી અને પૂર્વ સેના પ્રમુખોના યોગદાનને પણ યાદ કર્યું. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારતીય સેના દેશની સાર્વભૌમતા, પ્રાદેશિક અખંડિતતા અને રાષ્ટ્રીય હિતોની સુરક્ષા માટે હંમેશા સજ્જ રહેશે.

# આગામી પાંચ દિવસ દેશમાં ભારે વરસાદની આગાહી, ૨૩ રાજ્યો માટે હવામાન વિભાગની ચેતવણી



નવીદિલ્હી, તા.૦૧

દેશભરમાં ચોમાસું સક્રિય બનતાં આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગે ૨૩ રાજ્યો માટે વરસાદ અને તેજ પવનની ચેતવણી જાહેર કરી છે. બંગાળની ખાડીમાં સર્જાઈ રહેલા લો-પ્રેશર વિસ્તાર, પૂર્વી બિહાર પર સક્રિય ચક્રવાતી પરિભ્રમણ અને ૨ જુલાઈથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં પ્રવેશી રહેલા પશ્ચિમી વિક્ષેપને કારણે વ્યાપક વરસાદની સ્થિતિ સર્જાશે. દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, પંજાબ અને હરિયાણામાં ભારે વરસાદ સાથે ૬૦થી ૭૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. કેટલાક વિસ્તારોમાં જળબંબાકાર અને પૂર જેવી સ્થિતિ પણ સર્જાઈ શકે છે. મુંબઈ માટે યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે કેરળ, કર્ણાટક, તમિલનાડુ અને આંધ્ર પ્રદેશમાં પણ સતત વરસાદની આગાહી કરવામાં આવી છે.

# દિલ્હીમાં ૮.૧ કિમી હાઈ-ટેક ટનલ અને યુપીમાં નવો એક્સેસ-કંટ્રોલ્ડ હાઈવે મંજૂર



નવીદિલ્હી, તા.૦૧

કેન્દ્ર સરકારે દેશના માર્ગ માળખાને વધુ મજબૂત બનાવવા માટે બે મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળે દિલ્હીમાં દ્વારકા એક્સપ્રેસવેને વસંત કુંજના નેલ્સન મંડેલા માર્ગ સાથે જોડતી ૮.૧ કિલોમીટર લાંબી, છ લેનની હાઈ-ટેક ટનલને મંજૂરી આપી છે. અંદાજે રૂ.૬,૯૬૯.૬૭ કરોડના ખર્ચે બનનારી આ ટનલથી દક્ષિણ અને પશ્ચિમ દિલ્હી વચ્ચેની મુસાફરી વધુ ઝડપી બનશે. સાથે જ ઉત્તર પ્રદેશમાં કાનપુરથી કબરઈ સુધીના ૧૧૭.૭ કિલોમીટર લાંબા ૪/૬ લેન એક્સેસ-કંટ્રોલ્ડ હાઈવેને પણ લીલી ઝંડી આપવામાં આવી છે, જેનો અંદાજિત ખર્ચ રૂ.૭,૧૪૫.૧૪ કરોડ છે. આ હાઈવે પૂર્ણ થયા બાદ કાનપુરથી કબરઈ સુધીનો મુસાફરી સમય સાડા ત્રણ કલાકથી ઘટીને આશરે દોઢ કલાક થશે. સરકારના જણાવ્યા મુજબ, આ બંને પ્રોજેક્ટથી ટ્રાફિકમાં રાહત મળશે, કનેક્ટિવિટી સુધરશે, બુંદેલખંડના ઔદ્યોગિક વિકાસને વેગ મળશે તેમજ રોજગાર અને રોકાણની નવી તકો ઊભી થશે.

# દેશમાં ૧૯ કિલોગ્રામ કોમર્શિયલ ગેસ સિલીન્ડરના ભાવમાં ઘટાડો




નવી દિલ્હી,તા.૦૧

જુલાઈ મહિનાની શરૂઆત સામાન્ય જનતા માટે રાહતના સમાચાર લઈને આવી છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતોમાં ૧૮૩ રૂપિયાનો ઘટાડો જાહેર કર્યો છે. જ્યારે ૧૪ કિલોગ્રામના ઘરેલું એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે યથાવત રાખવામાં આવ્યા છે. દિલ્હી સહિત મુંબઈ અને અન્ય મોટા શહેરોમાં પણ નવા દર આજથી અમલમાં આવ્યા છે. દિલ્હીમાં અગાઉ ૩,૧૧૩.૫૦ રૂપિયામાં મળતો કોમર્શિયલ સિલિન્ડર હવે ૨,૯૩૦ રૂપિયામાં ઉપલબ્ધ થશે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવને કારણે છેલ્લા

# કોલકાતામાં અભિષેક બેનર્જીના નિવાસસ્થાને પથ્થરમારો થતા બારીના કાચ તૂટ્યા

કોલકાતા, તા.૦૧

કોલકાતામાં તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અને રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીના નિવાસસ્થાન પર અજાણ્યા શખ્સે પથ્થરમારો કરતાં પ્રથમ માળની બારીઓના કાચ તૂટી ગયા હતા. ઘટનાના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર શેર કરીને અભિષેક બેનર્જીએ ભાજપ પર ગુંડાગીરીને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો હતો. ફૂટેજમાં હેલ્મેટ પહેરેલો એક યુવક બાઈક પર આવી ઘર પર પથ્થરમારો કરીને ફરાર થતો જોવા મળે છે. અભિષેકે આ ઘટનાને કાયદો અને વ્યવસ્થાના ભંગ ઉપરાંત હિંસાના સંસ્થાકીયકરણનું ઉદાહરણ ગણાવ્યું હતું. તેમણે પોલીસની કામગીરી પર પણ સવાલ ઉઠાવ્યા અને પશ્ચિમ બંગાળ જાહેર સલામતી તથા સમાજ વિરોધી પ્રવૃત્તિઓ નિયંત્રણ કાયદાનો અમલ આવા આરોપીઓ સામે પણ થશે કે નહીં તેવો પ્રશ્ન કર્યો હતો.


# ઉત્તરાખંડમાં મદરેસા શિક્ષણમાં મોટો બદલાવ, મદરેસા બોર્ડ બંધ, હવે શાળાના નિયમો લાગુ થશે



દહેરાદુન, તા.૦૧

ઉત્તરાખંડમાં ૧ જુલાઈથી મદરેસા શિક્ષણ વ્યવસ્થામાં ઐતિહાસિક ફેરફાર અમલમાં આવ્યો છે. રાજ્ય સરકારે ઉત્તરાખંડ મદરેસા શિક્ષણ બોર્ડને વિસર્જિત કરીને તમામ મદરેસાઓની દેખરેખ, માન્યતા, અભ્યાસક્રમ અને વહીવટી જવાબદારી રાજ્ય લઘુમતી શિક્ષણ સત્તામંડળને સોંપી છે. હવે તમામ નોંધાયેલા મદરેસાઓમાં રાષ્ટ્રીય શિક્ષણ ધોરણો મુજબનો શાળા અભ્યાસક્રમ અમલમાં આવશે, જેમાં વિજ્ઞાન, ગણિત અને કમ્પ્યુટર જેવા આધુનિક વિષયોનો પણ સમાવેશ થશે. ધાર્મિક શિક્ષણની સાથે મુખ્ય પ્રવાહનું શિક્ષણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. નવા નિયમોનું પાલન ન કરતી સંસ્થાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યમાં આશરે ૫૦૦ બિનમાન્ય મદરેસાઓ પણ કાર્યરત છે, જેઓ હવે નવા નિયમો હેઠળ નોંધણી અથવા બંધ થવાની સ્થિતિનો સામનો કરશે.

# અફઘાન વાયુસેનાના પાકિસ્તાનમાં ઘૂસીને આઈએસઆઈએસના ઠેકાણાઓ પર હવાઈ હુમલા



ઈસ્લામાબાદ,તા.૧

અફઘાનિસ્તાને દાવો કર્યો છે કે તેની વાયુસેનાએ પાકિસ્તાનના બલુચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વા વિસ્તારમાં આઈએસઆઈએસના આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા છે. અફઘાન સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા મુજબ, બલુચિસ્તાનના પાશીન જિલ્લાના સરનન વિસ્તારમાં ગુપ્તચર માહિતીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. મંત્રાલયે દાવો કર્યો કે આ ઠેકાણાઓ પરથી અફઘાનિસ્તાન વિરુધ્ધ આતંકવાદી પ્રવૃત્તિઓનું આયોજન થતું હતું. જોકે, આ દાવાની હજુ સુધી સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી અને પાકિસ્તાને પણ આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. નોંધનીય છે કે ૨૯ જૂને પાકિસ્તાને અફઘાનિસ્તાનમાં કરેલા હવાઈ હુમલામાં ૩૬ નાગરિકોના મોત થયા હોવાનો અફઘાનિસ્તાનનો આરોપ હતો, જેના બાદ બદલો લેવાની ચેતવણી આપવામાં આવી હતી. તાજેતરની ઘટનાથી બંને દેશો વચ્ચે પહેલેથી જ ચાલી રહેલો સરહદી તણાવ વધુ ઉગ્ર બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# પીઓકેમાં પ્રદર્શનકારીઓનો કર્યો દાવો : 'દમન નહીં અટકે તો ભારત સાથે જોડાવા વિચારશે'



રાવલકોટ, તા.૦૧

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)માં પાકિસ્તાન સરકાર વિરુધ્ધ અસંતોષ વધુ ઉગ્ર બન્યો છે. મોંઘવારી, આર્થિક સંકટ, આવશ્યક ચીજવસ્તુઓની અછત અને વહીવટી નિષ્ફળતાના વિરોધમાં હજારો લોકો છેલ્લા ૨૨ દિવસથી રાવલકોટના ઈદગાહ મેદાનમાં ધરણા પર બેઠા છે.

આંદોલનના નેતા સરદાર અમાન ખાને દાવો કર્યો કે પીઓકે પાકિસ્તાનનો ભાગ નથી અને જો દમન બંધ નહીં થાય તો લોકો ભારત સાથે જોડાવાનો વિચાર કરી શકે છે. પ્રદર્શનકારીઓએ ૩૮ મુદ્દાની માંગણીઓ રજૂ કરી છે અને પાકિસ્તાનથી મુક્તિની માંગ કરી છે.

આંદોલનને દબાવવા માટે સરકારે ૫ જૂનથી ઈન્ટરનેટ સેવા બંધ કરી હોવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે. જોકે, આ દાવાઓની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી. પીઓકેના સમર્થનમાં વિદેશમાં પણ વિરોધ પ્રદર્શન યોજાઈ રહ્યા છે, જ્યારે પાકિસ્તાને વિપક્ષી નેતાઓના પ્રતિનિધિમંડળને પીઓકેમાં પ્રવેશતા અટકાવતાં રાજકીય વિવાદ વધુ ઘેરો બન્યો છે.

### બગસરામાં બે ઈંચ વરસાદને કારણે ચેકડેમ છલકાયો, અન્ય તાલુકાઓમાં સચરાચર વરસાદ વરસ્યો

# અમરેલી જિલ્લામાં મેઘરાજાનું આગમન, ખેડૂતોમાં હરખની હેલી

અમરેલી,તા.૦૧

અમરેલી જિલ્લામાં આખરે મેઘરાજાનું ધીમીધારે આગમન થયું છે. બપોરના સમયે ભારે બફારા અને ઉકળાટ બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને જિલ્લાના અનેક વિસ્તારોમાં વરસાદ શરૂ થયો હતો. છેલ્લા ઘણા દિવસોથી વાદળછાયું વાતાવરણ હોવા છતાં વરસાદ પડતો ન હોવાથી ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી હતી, પરંતુ આજે વરસાદ વરસતા ખેતી સાથે જોડાયેલા લોકોમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે. અમરેલી, બગસરા, સાવરકુંડલા, લીલીયા સહિતના મોટાભાગના તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને લોકોને ગરમી તેમજ બફારાથી રાહત મળી હતી. ગઈકાલે સાવરકુંડલામાં પડેલા ભારે વરસાદના કારણે નાવલી નદી બે કાંઠે વહેતી થઈ હતી, જ્યારે વિસ્તારમાં આવેલા નાના ચેકડેમો



પણ પાણીથી ભરાઈ ગયા હતા. વરસાદી પાણીના આગમનથી જળાશયોમાં નવા પાણીની આવક શરૂ થતાં ખેડૂતોમાં સારા ચોમાસાની આશા જાગી છે. ખેતરોમાં વાવણી માટે અનુકૂળ માહોલ બનતા ગ્રામ્ય વિસ્તારોમાં પણ આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગે ૫ જુલાઈ સુધી અમરેલી સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. આગામી દિવસોમાં વધુ વરસાદ વરસે તેવી શક્યતાને લઈને તંત્ર પણ સતર્ક બન્યું છે. ખાંભા ગીર પંથકના કેટલાક ગામોમાં વાવણીલાયક વરસાદ નોંધાતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદ સમાન બન્યો છે. તાલુકાના મોટા બારમણ, જામકા, ધૂધવાણા, ખડાધાર અને ત્રાકુડા સહિતના ગામોમાં સારો વરસાદ વરસ્યો હતો. વરસાદ બાદ ખેતરોમાં વાવણીની તૈયારીઓ પણ શરૂ થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

#### રાજુલાના ચૌત્રામાં ૩૫ બકરા તણાયા

રાજુલા તાલુકાના ચૌત્રા ગામમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ચૌત્રા ગામમાંથી પસાર થતી રાયડી નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાતા ચારે તરફ નદીના પાણી ફરી વળ્યા છે. નદીના ધસમસતા પ્રવાહમાં સ્થાનિક પરિવારના આશરે ૩૫ બકરાં તણાઈ ગયા હતા. બકરાંને બચાવવા સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. કેટલાક બકરાંને સુરક્ષિત બહાર કાઢવામાં સફળતા મળી છે. જ્યારે કેટલાક હજુ પણ પાણીના પ્રવાહમાં તણાતા શોધખોળ હાથ ધરવામાં આવી છે.

| તાલુકો | વરસાદ (મીમી) |
|---|---|
| વડીયા | ૩૦ |
| લાઠી | ૭ |
| લીલીયા | ૨૦ |
| અમરેલી | ૩૭ |
| બગસરા | ૫૧ |
| ખાંભા | ૦૩ |
| જાફરાબાદ | ૦૩ |
| રાજુલા | ૪૫ |

## સુરતમાં દવાના નામે રૂ.૧.૭૭ કરોડની સાયબર ઠગાઈનો ભંડાફોડ

સુરત, તા.૦૧

સુરત સાયબર પોલીસે વજન ઘટાડવાની દવાના નામે ચાલતા કરોડો રૂપિયાના ઓનલાઈન ફ્રોડ રેકેટનો ભંડાફોડ કર્યો છે. પ્રાથમિક તપાસમાં અંદાજે રૂ.૧.૭૭ કરોડની છેતરપિંડી સામે આવી છે, જ્યારે છેલ્લા ચાર વર્ષમાં રૂ.૭૫થી રૂ.૮૦ કરોડ સુધીની ઠગાઈ થઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. ગુરુગ્રામથી સંચાલિત કોલ સેન્ટરમાં ૧૦૦થી ૧૫૦ ટેલીકોલર્સ ફેક વેબસાઈટ અને આકર્ષક જાહેરાતો દ્વારા ખાસ કરીને મહિલાઓને નિશાન બનાવતા હતા. આરોપીઓ ખોટી ઓળખ ધારણ કરી દવાના પાર્સલ મોકલી રોકડ રકમ વસૂલતા હતા. પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધારો સહિત અન્ય ફરાર આરોપીઓની શોધખોળ ચાલુ છે. પોલીસે લોકોને આરોગ્ય સંબંધિત ઓનલાઈન જાહેરાતો અને અજાણી વેબસાઈટ પર વિશ્વાસ કરતા પહેલાં સત્તાવાર ચકાસણી કરવાની અપીલ કરી છે.

## યુપીએસસીની તૈયારી કરતા વિદ્યાર્થીઓને હવે દર મહિને રૂ.૪,૦૦૦ સુધીની સહાય

ગાંધીનગર, તા.૦૧

ગુજરાતમાં યુપીએસસી જેવી પ્રતિષ્ઠિત સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. હવે 'સ્પીપા' અને તેના તાલીમ કેન્દ્રોમાં અભ્યાસ કરતા ઉમેદવારોને અગાઉની સરખામણીએ વધુ આર્થિક પ્રોત્સાહન સહાય આપવામાં



આવશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ રાજ્યના વધુ યુવાનોને સિવિલ સર્વિસીસ માટે પ્રેરિત કરવાનો અને તેમને આર્થિક સહયોગ પૂરો પાડવાનો છે. નવી વ્યવસ્થા મુજબ, પ્રિલિમિનરી પરીક્ષાની તૈયારી કરી રહેલા ઉમેદવારોને દર મહિને રૂ.૪,૦૦૦ સુધીની સહાય મળશે. આ ઉપરાંત, પરીક્ષાના દરેક તબક્કે પ્રોત્સાહન રકમ નક્કી કરાઈ છે; જેમાં પ્રિલિમ પાસ કરનાર યુવકોને રૂ.૩૫,૦૦૦ અને યુવતીઓને રૂ.૫૦,૦૦૦ મળશે. મુખ્ય પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરનાર યુવકોને રૂ.૪૫,૦૦૦ અને યુવતીઓને રૂ.૫૫,૦૦૦નું પ્રોત્સાહન અપાશે.

## મોરબીના જેતપર ગામે આંદોલન ઉગ્ર બન્યુ, રાજકોટ હાઈ-વે ચક્કાજામ

મોરબી,તા.૦૧



મોરબી તાલુકાના જેતપર ગામે ખેડૂતોનું ઉપવાસ આંદોલન આજે ૧૩મા દિવસે પણ યથાવત રહ્યું હતું. આંદોલનના સમર્થનમાં કિસાન કોંગ્રેસ દ્વારા ટંકારા ખાતે મોરબી-રાજકોટ હાઈવે પર ચક્કાજામ કરવામાં આવતા વાહનોની અવરજવર થોડા સમય માટે પ્રભાવિત થઈ હતી. બીજી તરફ શાપર, રંગપર, વાઘરવા અને જીવાપર ગામના ખેડૂતો અશ્વસવારી કરીને જેતપર પહોંચ્યા હતા અને આંદોલનને ટેકો જાહેર કર્યો હતો. ખેડૂતો સરકાર સાથે ચર્ચા પહેલાં લેખિત પરિપત્ર આપવાની માંગ પર અડગ છે. દરમિયાન ઉપવાસી છાવણીએ સ્પષ્ટ કર્યું કે કિસાન કોંગ્રેસના રસ્તા રોકો કાર્યક્રમને તેમનું કોઈ સમર્થન નથી અને આ કાર્યક્રમ તેમની છાવણીથી અલગ રીતે યોજાયો હતો

## રાજયમાં ૫ જુલાઈ સુધી અતિભારે વરસાદની આગાહી, માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના

ગાંધીનગર,તા.૦૧

હવામાન વિભાગે ગુજરાતમાં ૫ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આજે ૧ જુલાઈના રોજ સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક એ.કે. દાસના જણાવ્યા મુજબ આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ સાથે ગાજવીજ અને તેજ પવન ફૂંકાવાની શક્યતા છે. પવનની ઝડપ ૪૦થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં પણ સારા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, જેના કારણે ખેડૂતોમાં આશા જાગી છે. દરિયો તોફાની બનવાની શક્યતાને ધ્યાનમાં રાખીને માછીમારોને આગામી પાંચ દિવસ સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. બીજી તરફ ઉત્તર ભારતમાં પણ ભારે વરસાદનો કહેર જોવા મળી રહ્યો છે. જમ્મુ-કાશ્મીરમાં વાદળ ફાટવાની ઘટનાને કારણે અનેક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે અને જનજીવન પ્રભાવિત બન્યું છે. આ વર્ષે ગુજરાતમાં જૂન મહિનામાં સરેરાશ વરસાદમાં આશરે ૮૦ ટકા જેટલી ઘટ નોંધાઈ છે. સમગ્ર રાજ્યમાં જૂન દરમિયાન સરેરાશ સવા ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. હવે જુલાઈની શરૂઆત સાથે વરસાદની ગતિવિધિ તેજ બનવાની શક્યતા હોવાથી લોકો અને તંત્રને સતર્ક રહેવા અપીલ કરવામાં આવી છે.

## સપ્તપદી વિના માત્ર મેરેજ સર્ટિફિકેટના આધારે લગ્ન કાયદેસર ગણાશે નહીં: ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ, તા. ૧

ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, હિન્દુ લગ્ન અધિનિયમ હેઠળ સપ્તપદી જેવા આવશ્યક ધાર્મિક સંસ્કારો અને રિવાજો વિના માત્ર મેરેજ સર્ટિફિકેટના આધારે લગ્ન કાયદેસર ગણી શકાય નહીં. જસ્ટિસ ઈલેશ જે. વોરા અને જસ્ટિસ આર. ટી. વાછાણીની ખંડપીઠે નોંધ્યું




કે, કલમ ૭ મુજબ લગ્ન ત્યારે જ માન્ય ગણાય જ્યારે તે પક્ષકારોના પ્રચલિત રિવાજો અનુસાર સંપન્ન થયા હોય. અદાલતે વધુમાં સ્પષ્ટ કર્યું કે કલમ ૮ હેઠળનું રજિસ્ટ્રેશન માત્ર પહેલેથી થયેલા કાયદેસર લગ્નનો પુરાવો પૂરો પાડે છે, તે પોતે લગ્નનું સર્જન કરી શકતું નથી. જો અનિવાર્ય વિધિ જ ન થઈ હોય, તો સર્ટિફિકેટને કોઈ કાયદાકીય માન્યતા મળતી નથી. એક કેસમાં પ્રતિવાદી મહિલાએ સ્વીકાર્યું હતું કે બંને વચ્ચે કોઈ લગ્નવિધિ થઈ નહોતી. તેથી હાઈકોર્ટે ફેમિલી કોર્ટનો આદેશ રદ કરી લગ્નને રદબાતલ જાહેર કર્યા હતા.

## ભરૂચમાં ગોઝારી દુર્ઘટના: વર્લ્ડ ટ્રેડ સેન્ટરની દિવાલ મકાન પર પડતાં પિતા-પુત્રનું મોત

ભરૂચ, તા. ૧

ભરૂચના આલી માતરીયા તળાવ વિસ્તારમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટરની નિર્માણાધીન સાઈટની એક વિશાળ દિવાલ નજીકના મકાન પર ધરાશાયી થતાં ગંભીર દુર્ઘટના સર્જાઈ છે. આ કરુણ ઘટનામાં કાટમાળ નીચે દબાવાથી પિતા અશ્વિન વસાવા અને તેમના ૨૧ વર્ષીય પુત્ર આશિષ વસાવાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક પહોંચીને રેસ્ક્યૂ ઓપરેશન




હાથ ધર્યું હતું અને કાટમાળ નીચે દબાયેલી બે મહિલાઓને જીવતી બહાર કાઢી હોસ્પિટલ ખસેડી હતી.

સ્થાનિકોએ બિલ્ડરની બેદરકારી સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે, જ્યારે પોલીસે આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

## ઝઘડિયા લાફા કાંડ કેસમાં 'આપ' નેતાઓની મુશ્કેલી વધી, ત્રણ આગેવાનો બે દિવસના રિમાન્ડ પર

ભરૂચ, તા. ૧

ઝઘડિયા જીઆઈડીસીની મેટ્રોપોલિટન કંપની ખાતે બનેલા લાફા કાંડ કેસમાં પોલીસે તપાસ તેજ કરી છે. આ કેસમાં આમ આદમી પાર્ટીના ભરૂચ જિલ્લા પ્રમુખ પિયુષ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય રજની વસાવા અને તાલુકા પ્રમુખ સર્જન વસાવાની ધરપકડ બાદ કોર્ટે બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે.

પોલીસે ઘટનાક્રમની વિગતો, ઈલેક્ટ્રોનિક પુરાવા અને મોબાઈલ ડેટાની તપાસ માટે રિમાન્ડની માંગણી કરી હતી. આ કેસના ચોથા આરોપી અને ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા હાલ અન્ય કેસમાં જેલમાં હોવાથી હાજર થઈ શક્યા નહોતા. પોલીસ હવે વીડિયો ફૂટેજ અને કોલ ડિટેઈલ્સના આધારે અન્ય લોકોની સંડોવણી અંગે તપાસ આગળ વધારશે.

## જામનગરમાં કરોડોનું જીએસટી કૌભાંડ મામલે પાંચ પેઢીઓની મિલકતો જપ્ત

જામનગર, તા. ૧

રાજ્ય વેરા વિભાગે જામનગરમાં કરોડો રૂપિયાના જીએસટી (GST) કૌભાંડ સામે અત્યાર સુધીની સૌથી મોટી કાર્યવાહી હાથ ધરી છે. બોગસ બિલિંગ, ફેક ઈનપુટ ટેક્સ ક્રેડિટ અને શેલ કંપનીઓના નેટવર્ક મારફતે સરકારને આર્થિક નુકસાન પહોંચાડવાના કેસમાં વિભાગે ૨૦થી વધુ સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા હતા. મળેલા પુરાવાઓના આધારે હવે કથિત રીતે સંકળાયેલા વેપારીઓની પાંચ પેઢીઓની



મિલકતો જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. જપ્તી હેઠળ આવતી મિલકતોમાં ઔદ્યોગિક શેડ, કોમર્શિયલ ઓફિસો, પ્લોટ અને રહેણાંક મકાનોનો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસ મુજબ અનેક ફર્મો માત્ર કાગળ પર જ કાર્યરત હતી. વિભાગે સ્પષ્ટ કર્યું છે કે કરચોરી સામે ઝીરો ટોલરન્સની નીતિ હેઠળ કડક કાર્યવાહી ચાલુ રહેશે.




## દુષ્કર્મની બે ઘટનાઓમાં જૂનાગઢ અને વિસાવદર કોર્ટનો ઐતિહાસિક ચુકાદો: નરાધમોને જેલ સજા

જૂનાગઢ, તા. ૧

જૂનાગઢ અને વિસાવદર કોર્ટે દુષ્કર્મની બે અલગ-અલગ ઘટનાઓમાં ઐતિહાસિક ચુકાદો સંભળાવી બે નરાધમોને સખત કેદની સજા ફટકારી છે. ૧૨ વર્ષની માસૂમ કિશોરી પર દુષ્કર્મ આચરનાર ભેસાણના આરોપી દેવેન્દ્ર સરવૈયાને વિસાવદર કોર્ટે ૧૨ વર્ષની સખત કેદ અને રૂ.૨૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે.

બીજા કેસમાં, પાડોશમાં




રહેતી માનસિક દિવ્યાંગ યુવતીને હવસનો શિકાર બનાવનાર જૂનાગઢના આરોપી જગદીશ વાજાને કોર્ટે ૧૦ વર્ષની સખત કેદ અને રૂ.૫૦,૦૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. અદાલતોએ સાક્ષીઓ અને તબીબી દસ્તાવેજોના આધારે બંને આરોપીઓને ગુનેગાર ઠેરવી સમાજમાં કડક સંદેશ આપ્યો છે.

